


વર્ષ : ૧૮ જાન્યુઆરી–૧૯૯૭ અંક : ૪

## * જીવનનો સંગ્રામ *

જીવનનો સંગ્રામ કેવો ભયંકર છે! સાથે જ ગહન પણ છે. ડગલે ને પગલે જે સંભાળપૂર્વક ચાલે, તે જ આ સંગ્રામને પાર કરી શકે. આ સંગ્રામમાં કોઈ મહાભયંકર માનવયોદ્ધાઓની સામે લડવાનું નથી : પરંતુ જેમની સામે લડવાનું છે તે યોદ્ધાઓનું જોર પણ ઓછું નથી. કામ, ક્રોધ ને દુન્યવી વસ્તુઓ માટેનો લોભ, સ્વાર્થ ને રાગદ્વેષ તથા દંભ, જૂઠ ને કપટ તથા અંદરની ને બહાર-ની મલિનતા, એ બધાં અનિષ્ટકારક તત્ત્વો ને અહંકાર ને મમતા તથા અવિવેક જેવા તેમના સરદારો એવા પ્રબળ છે કે ભલભલા બળિયા માણસને પણ થોડીવાર તો વિચાર કરતો કરી મૂકે. જીવનનો સંગ્રામ આમ માણસની સારી ને નરસી, ઉત્તમ ને અધમ શક્તિઓ વચ્ચેનો સંગ્રામ છે. તેમાં સફલ થવા માટે જીવનમાં પરિશ્રમ કરવાનો છે. આની સાથે સાથે સત્તા, ધન ને શરીરસુખની લિપ્સા જેવાં બીજાં પ્રલોભનો પણ જીવનમાં આવે છે. તેને વશ થવાથી માણસ પરાજિત અને અનિષ્ટકારક તત્ત્વોનો ગુલામ બને છે. તેનાથી પણ જીવનના સંગ્રામમાં સાવધ રહેવાનું છે. વળી નિરાશા ને ચિંતા, સુખ ને દુઃખ, માન ને અપમાન તથા વિઘ્નોનાં વિવિધ પ્રકારનાં વ્યવધાન જીવનમાં આવે, તેનાથી ડગ્યા વિના કે કાયર બનીને રણસંગ્રામમાંથી નાસી છૂટવાનો વિચાર પણ કર્યા વિના, પોતાની શક્ય શક્તિથી યુદ્ધ કર્યે જવું ને વિજય લગી કર્યે જવું ખૂબ જ જરૂરી છે.

યોગેશ્વરજી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૨૫–૦૦
વિદેશમાં રૂ. ૨૦૦–૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન **૪૨૫૮૧૧**
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.

### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| ઈશ્વર સાન્નિધ્યની સાધના | યશસ્વીભાઈ ય. મહેતા | ૧૨ |
| પ. પૂ. માનો સાધકોને સંદેશ | મા સર્વેશ્વરી | ૧૪ |
| સર્વેશ્વરી તીર્થનો દ્વિતીય પાટોત્સવ | તંત્રી | ૧૭ |
| શિલ્પી અને શિલ્પ | સુરેશભાઈ શાહ, કેનેડા | ૨૯ |
| નાનો દીવો | યોગેશ્વરજી | ૩૧ |
| આ મારું મન! | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૩૨ |
| સત્યપથને આંગણે | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૩૩ |
| માસ્ટર મહાશય સાથેની મુલાકાત | યોગેશ્વર | ૩૪ |
| આત્મચિંતન | પં. દેવકૃષ્ણ શાસ્ત્રી | ૩૮ |
| પૂ. શ્રી શ્રી ઇંદિલાદેવીના બીજાં દર્શને | જ્યોત્સ્ના ભરતકુમાર ત્રિવેદી | ૪૨ |
| પૂર્ણતા એ જ આપણી સાચી ઓળખ | વાલજીભાઈ પટેલ | ૫૬ |
| શ્રી સંત–શ્રીઇંદિરાદેવી | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૫૯ |
| મોક્ષમંદિરના દ્વારપાલો | મહારાજ શ્રીમન્નથુરામશર્મા | ૬૪ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

–મા સર્વેશ્વરી

વર્ષ : ૧૮ જાન્યુઆરી–૧૯૯૭ અંક : ૪


## શ્રી યોગેશ્વર કથામૃત


**મા સર્વેશ્વરી**


**તા. ૨૨–૫–૮૧, શુક્રવાર, વૈશાખ વદ ત્રીજ, ૨૦૩૭**

**સ્થળ : ૨, નરસિંહનગર, નારણપુરા, ચાર રસ્તા, અમદાવાદ.**

આજે સવારે સાત દિવસના શિબિરના પરિશ્રમથી થોડો થાક પૂ. શ્રી પણ અનુભવે છે. થોડું મોડું ઊઠી સ્નાન, વ્યાયામ, ગીતાપાઠ કરી દૂધ લે છે. દૂધ બાદ પૂ. શ્રી લેખનકાર્ય કરે છે.

આજે દશ વાગ્યે સર્વેશ્વરીને અચાનક વડોદરા (શ્રી જીતુ-ભાઈના પિતાજી શ્રી મગનલાલ ગાંધી–જે માંદગીને બિછાને છે) તેમને મળવાનો વિચાર આવે છે. પૂ. શ્રી રજા આપે છે.

પૂ. શ્રી ૧૧ વાગ્યા સુધી લેખનકાર્ય કરે છે. ભગવાન રામની નામકરણવિધિના પ્રસંગનું લેખન પૂ. શ્રી કરે છે. ૧૧ થી ૧૧–૩૦ જપ કરતા કરતા આરામ કરે છે. ત્યારબાદ સાડા

અગિયારે ભોજન લઈ લે છે. ૧૨ વાગ્યે મુલાકાત શરૂ થાય છે. બહારગામના ઘણા સાધકો આજે અહીં રોકાયા હશે જેથી પૂ. શ્રીના દર્શને આવીને બેઠા છે. એક પ્રોફેસર પોતાનું નવું મકાન ભાડે આપવું કે કેમ તે પૂ. શ્રીને પૂછે છે.

પૂ. શ્રી કહે છે : નાની નાની વાતો માટે સંતો પાસે ન જાઓ. એ બધું તો તમારે જાતે વિચારવાનું રહે છે. નાની નાની વાતોમાં પરમશક્તિને પૂછવું એ યોગ્ય છે? એ માટે જોશીઓ છે જ.

બીજી થોડી વાતો કરી સૌ વિદાય થાય છે. સર્વેશ્વરી પણ વડોદરા જાય છે. સાથે આ ઘરનાં મીનાબેન, અમીત તથા વિદ્યાનગરનો અતુલ પણ વડોદરા જાય છે. પાંચ વાગ્યે વડોદરા પહોંચી જવાનું બને છે. ૫ થી ૭ સત્સંગ થયો. સૌને ખૂબ આનંદ થયો. સર્વેશ્વરીનું ફૂલહાર ને આરતિથી સ્વાગત થયું.

સર્વેશ્વરી ફરી અમદાવાદ જવા બસમાં આવવાનું વિચારે છે, આગ્રહ રાખે છે તો જીતુભાઈ પોતાની ગાડીમાં જ અમદાવાદ મૂકી આવું એવી ભાવના આગ્રહપૂર્વક વ્યક્ત કરે છે. સર્વેશ્વરી નિર્ણય લઈ શકતાં નથી તો પોતાની આગવી રીત મુજબ મૂંઝવણ પ્રસંગે નિર્ણય આપવાનું કાર્ય ઈશ્વર પર છોડે છે.

જીતુભાઈના દેવસ્થાનમાં સર્વેશ્વરી જાય છે અને પોતે એ ચિઠ્ઠી લખીને મૂકે છે. આંખ મીંચી પ્રાર્થના કરી અને ચિઠ્ઠી ઉપાડી તો નિર્ણય સર્વેશ્વરીની ઇચ્છા વિરુદ્ધ આવે છે છતાં, એ નિર્ણયને વધાવી લે છે. શ્રી જીતુભાઈને તો ગાડીમાં જ અમદાવાદ મોકલવાની ઇચ્છા હતી. જીતુભાઈએ આગ્રહ કરી પોતે ગાડી લઈને ન આવે તો ભાડે ગાડીમાં પણ તમારે અમદાવાદ જવાનું છે એમ કહી પોતે એક ટેક્ષી લઈ પણ આવે છે. એ સંજોગોમાં



સર્વેશ્વરી બસમાં જવું કે ગાડીમાં તેનો નિર્ણય ચિઠ્ઠીથી કરે છે. સૌને ઉત્સુકતા છે કે શું નિર્ણય આવશે પણ ઉપરનો જ નિર્ણય મળ્યો કે ગાડીમાં જાઓ. તો તે નિર્ણય સર્વેશ્વરી સિવાય સૌ કોઈને પસંદ પડી જાય છે. સૌ હર્ષથી વધાવી લે છે.

ચિઠ્ઠીના નિર્ણયને મને-કમને માન્ય રાખી સર્વેશ્વરી જીતુભાઈની શ્રદ્ધાભક્તિભરી ભાવના મુજબ ટેક્ષીમાં અમદાવાદ આવવા વિદાય થાય છે. સૌ પ્રણામ કરી વિદાય આપે છે.

માર્ગમાં વડોદરા ને વાસદની વચ્ચે એક અકસ્માત થયો હોવાથી ત્રણ કલાક ટેક્ષી ત્યાં ફસાઈ ગઈ. સત્સંગની વાતો ને શાંતિથી તે સમય પસાર થયો. એક પ્રાર્થના પણ લખી. ત્રણ કલાક બાદ રસ્તો સ્પષ્ટ થતાં અમદાવાદની દિશામાં ટેક્ષી આગળ વધી. અને રાત્રે ૧ વાગ્યે અમદાવાદ આવી ગયાં.

માર્ગમાં વડોદરા ને વાસદની વચ્ચે એક અકસ્માત થયો હોવાથી ત્રણ કલાક ટેક્ષી ત્યાં ફસાઈ ગઈ. સત્સંગની વાતો ને શાંતિથી તે સમય પસાર થયો. એક'પ્રાર્થના પણ લખી. ત્રણ કલાક બાદ રસ્તો સ્પષ્ટ થતાં અમદાવાદની દિશામાં ટેક્ષી આગળ વધી. અને રાત્રે ૧ વાગ્યે અમદાવાદ આવી ગયાં.

અમદાવાદ આવીને આરામ કર્યો. પૂ. શ્રી સાથે થોડી વાતો થઈ.

**તા. ૨૩-૫-૮૧, શનિવાર, વૈશાખ વદ ચોથ, ૨૦૩૭**

**સ્થળ : ૨, નરસિંહનગર, નારણપુરા, ચાર રસ્તા, અમદાવાદ.**

સવારે પૂ. શ્રી નિયમ મુજબ સ્નાન, વ્યાયામ, ગીતાપાઠ, લેખન કરે જ છે. ૧૧ વાગી ગયા જેથી લેખનકાર્ય પછી પૂ. શ્રી થોડો આરામ કરે છે. સાડા અગિયારે પૂ. શ્રી ખીચડી-શાકનું

ભોજન લઇ કેરી લે છે. બાર વાગ્યે પૂ. શ્રીની મુલાકાત શરૂ થાય છે.

આજે મુલાકાતમાં શ્રી યોગેશ્વર ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી જી. ડી. અમીન પણ આવે છે. તેમને પૂ. શ્રીએ સર્વેશ્વરી વડોદરા જઇ આવ્યાં તેની વાતો કરી. એ વાતો કરતાં કરતાં પૂ. શ્રી જીતુભાઇની અને તેમના પિતાજીની પ્રશંસા કરતા કહેવા લાગ્યા :

જીતુભાઇ(વડોદરા)ના પિતાનો એક જ ઉપદેશ. એક જ વાત કે તમે સુખી હો કે દુઃખી હો, પૈસા ઓછા કમાઓ કે વધુ પૈસા કમાઓ પણ સંતોની સેવા કરજો. છોકરાઓને એમ જ કહે સંતોની સેવા કરો તો તે જ આગળ આવશે.

તેઓ પોતે પણ સંતોની સેવામાં રહેતા. કાનપૂરના મૂળ, પહેલાં મેજીસ્ટ્રેટ હતા તે પ્રખ્યાત નારાયણ સ્વામી જે એકલી લંગોટ જ પહેરતા એમની સાથે પણ ઘણું રહેતા. એ જ સંસ્કાર વારસો એમના સંતાનોમાં જોવા મળ્યો.

અમે સૌ પ્રથમ એમને ઘરે ગયા. પણ તે પહેલા અમારા વડોદરાના શ્રી રાજુભાઇ પુરોહિતે એમને કહ્યું કે પૂ. શ્રી એકલા નથી, એમની સાથે મા સર્વેશ્વરી પણ છે તો તેમણે કહ્યું : આપણે તો મહાત્માજી જે કહે તે માનવું. એમની સાથે જે રહે તેમની પણ આપણે તો સેવા કરવાની જ. કેવી ભાવના! કેવી સરસ વૃત્તિ!

અને એવો તો પ્રેમભાવ હવે થયો છે કે આપણને આશ્ચર્ય થાય કે વૃદ્ધ હોય, ને વળી શ્રીમંત હોય, છતાં કેવી સેવાની ભાવના! ગઇકાલે મા વડોદરા ગયાં તો બસમાં પાછાં આવવા ન આવવા દીધાં, પણ ટેક્ષી જ મોકલી.

વળી વાતનો વિષય બદલાય છે. શ્રી જી. ડી. અમીન શીરડી



જવાની વાત કરે છે. પૂ. શ્રી પૂછે છે પહેલીવાર જાઓ છો? શ્રી જી. ડી. અમીન : શીરડી તો પહેલીવાર જતો નથી, પણ ભીમાશંકર જ્યોતિર્લિંગ પાસે જ હતું પણ ત્યારે સમય પાક્યો ન હોય એટલે તે સર્વિસ દરમ્યાન ૧૦ જ કિલોમીટર હતું પણ ન જવાયું.

**પૂ. શ્રી :** જ્યારે જે નિર્ધારીત હોય ત્યારે તે બને. જુઓને, ગઇકાલે જાણીતા વિવેચક શ્રી રમણભાઇ જોશી મને મળવા આવેલા. તે કહેવા લાગ્યા કે ૧૯૬૩ માં તમારું એક પુસ્તક 'શ્રેય અને સાધના' વાંચેલું ત્યારથી તમને મળવાની ભાવના થઇ, પણ મળી શકાયું નહીં. અચાનક હમણાં મેં વાસુદેવભાઇ મહેતા સાથે તેમને બે–ત્રણ કાવ્ય–પુસ્તકો મોકલ્યાં તો તેઓ મળવા આવ્યા.

૧૯૬૩ ની મળવાની ઇચ્છા ૧૯૮૧ માં પૂર્ણ થઇ. એવા એક ભાઇ જમીયતરામ શુક્લ મારી સાથે ૧૯૪૦ માં ભણતા. તે ૧૯૭૮ માં પ્રકાશના પંથે વાંચ્યા પછી પ્રથમવાર સુરત મળ્યા. ઝમ્બીયામાં પણ તે મળ્યા. તેમણે ઘણું સારું કામ કર્યું.

દરેક વસ્તુ ક્યારે પ્રારબ્ધનો પલટો કરે ને કઇ બાજુ લઇ જાય તે કહેવાય નહીં. એ પ્રીત તોડાવે પણ ખરું ને પ્રીત કરાવે પણ ખરું. છૂટા પડેલાને ભેગા કરાવી દે ને ભેગા કરેલાને છૂટા પણ પાડી દે.

પણ એક વાત છે. ઘણાં વરસે મળે છતાં ભાવના શુભ જ રહે, ત્યારે આપણને એમ થાય કે એણે પોતાના ભાવનાના છોડને કેવું પાણી પાયું હશે?

આજે વળી બીજી થોડી વાતો થઇ. સમય થઇ ગયો. સૌ વિદાય થયા.

આજે બપોરે પૂ. શ્રી આરામ કરતા હતા ત્યારે એક મહત્ત્વની વાત કરી. એ વાત ગઈકાલે વડોદરા સર્વેશ્વરી જઈ આવ્યાં તેના અનુસંધાનમાં હતી. પૂ. શ્રીએ કહ્યું :

આપણે ત્યાગ કર્યો તો હવે કોઈ માંદા હોય તેની ખબર સંસારીઓની જેમ કાઢવાની ન હોય. એમ તો ઘણાં ઘણાં ભાવિકો છે તે બધાની જ ખબર જોવા તમે કેટલી દોડાદોડ કરશો? હા, પત્ર લખવો. બાકી આવી દોડાદોડ આદર્શ નથી.

માતાજી મારી સાથે રહેતાં તો ત્યારે પણ આ રીતે કોઈ ભાવિક માંદા પડયા હોય તો એકલાં જોવા ન જતાં. જ્યારે તમે ખૂબ ઝડપથી વિચારો ને ખૂબ ઝડપથી નિર્ણય પણ લો. હવે આપણે માટે એ આદર્શ નથી.

પૂ. શ્રીની વાતો સાચી હતી જેથી સર્વેશ્વરી મૌન રહે છે. આજે થોડા આરામ બાદ સાંજે ૬ વાગ્યે પૂ. શ્રી તૈયાર થઈ જાય છે. ૬–૩૦ સુધી રૂમમાં આંટા મારે છે. ૬–૩૦ દ્વાર ખૂલે છે. આજે આખોયે રૂમ ભરાઈ જાય છે.

**એક અજાણ્યા ભાઈ :** મેં તમારા કાર્યક્રમમાં બે દિવસ ભાગ લીધો.

**પૂ. શ્રી :** શિબિરના આખાયે કાર્યક્રમમાં હાજરી આપી હતી?

**તે ભાઈ :** ના, હું મધુસૂદનદાસજીથી દીક્ષિત થયેલો શિષ્ય છું તેથી તમારી શિબિરમાં ન આવ્યો.

**પૂ. શ્રી :** કેમ ન આવ્યા? તમે તમારી રીતે જ મંત્રજપ ને સાધના કરી શક્યા હોત. એમાં બધાએ અમારી રીત અજમાવવી એવું નથી. જેમ પોતે પોતપોતાનાં ટિફિનો લઈને ફરવા જાય ને ત્યાં સાથે બેસીને ખાય તેમ તમારા જે ગુરુ હોય, જે મંત્ર હોય તે



જેની પાસે પણ દીક્ષા લીધી હોય તેની પાસે પણ તમે તમારી રીતે જપ તપ સમૂહમાં બેસીને કરી શક્યા હોત.

**પ્રશ્ન :** જપ કરતી વખતે મન કેવી સ્થિતિમાં હોવું જોઈએ?

**પૂ. શ્રી :** જપ સાથે મનને રૂપમાં એકાગ્ર કરો. તોપણ વચ્ચે વચ્ચે વિચારો આવે તો પ્રભુના ગુણો ને પ્રભુની કૃપાના વિચાર કરો. ને પછી ફરી સ્વરૂપમાં મન જોડો. એ અભ્યાસ પછી ધીરે ધીરે ભાવરહિત, બાહ્યદૃષ્ટિથી દેખાતા ચેતન કે અસ્મિતારહિત ધ્યાન થશે.

(વળી પદ્માબેન પોતાની સાધનાની થોડી વાતો કરી માર્ગદર્શન મેળવે છે.)

**પેલા ભાઈ :** રોગ એ ઈશ્વરની કૃપા માનીએ તો?

**પૂ. શ્રી :** ના, રોગ એ ઈશ્વરની કૃપા છે એવું કેવી રીતે માની શકાય? પણ રોગની એ સ્થિતિમાં કૃપા ચાલુ રહે તે માની શકાય.

ધંધામાં અચાનક લાખની ખોટ ગઈ તો તે કૃપા નથી. પણ એ ખોટ સમયે નિરાશા નથી, શ્રદ્ધા નથી ગુમાવતા, તો તે ઈશ્વરની કૃપા ગણાય તો ધંધામાં તો લાખ રૂપિયા આવ્યા તે પણ કૃપા ન ગણાય. લાખ તો આવે ને જાય. કર્માનુસાર એ બધું થયા કરે. પણ લાખ રૂપિયા આવ્યા ને લાખ રૂપિયા ગયા તોપણ હું કુસંગ તરફ નથી વળ્યો, ભગવાનને નથી ભૂલ્યો. પવિત્ર જ જીવન જીવી શક્યો તો તે ભગવાનની કૃપા ગણાય.

**પ્રશ્ન :** ગુરુની કોઈ પણ વસ્તુનો ઉપયોગ આપણે કરીએ તો આપણો આધ્યાત્મિક વિકાસ થાય?

**પૂ. શ્રી :** એ તો ભાવનાનો વિષય છે. મહાપુરુષે જે કુંડમાં સ્નાન કર્યું તે જ કુંડમાં તમે એવી ભાવનાથી સ્નાન કરો કે આ પાણી વધુ પવિત્ર થયું છે જે મને પવિત્ર કરશે તો એ ભાવના તમને ફળ આપશે જ.

**પ્રશ્ન :** અનુષ્ઠાન કરવું છે તો નોકરીમાંથી રજા ન મળે તો ખોટી રીતે માંદગીની રજા લઈએ તો?

**પૂ. શ્રી :** માંદગીની રજા ન લો. તમારે તો સુખની નોકરી છે. સવારે ત્રણ કલાક, સાંજે બે કલાક જપ કરી લો. ચાલુ નોકરીએ એ કરી શકો. અનુષ્ઠાન સમયે ધ્યાન રાખવાનું પવિત્રતાનું, ક્રોધ ન થાય તેનું, કોઈ સાથે તકરાર ન થાય તેનું.

**પ્રશ્ન :** તમારી માંદગી દરમ્યાન શ્રી કલોલાએ માંદગીની રજા લઈ તમારી સેવા કરી તો તે દોષ ગણાય? તે અંગે તમે ભગવાન પાસે બચાવ કરી શકો?

**પૂ. શ્રી :** કોઈ સાધકની જાતિ કે ઉંમરને લીધે ભગવાનને સલાહ ન આપી શકાય. જેની વકીલાત કરીએ અથવા જેની પણ વાત ભગવાનને કરીએ તે પોતે થોડીક પાત્રતા તો ધરાવતો હોવો જ જોઈએ. પ્રાર્થના કરતો હોય, સારા બનવાના પ્રયત્નો કરતો હોય તો વળી ભગવાનને કહેવાય કે આને ચલાવી લો. એપ્રેન્ટીસ તરીકે પણ લો.

પણ ધારો કે તે સંતોની નિંદા જ કરતો હોય, અપવિત્ર જીવન જીવતો હોય તો તે જ ભલામણ ન થાય.

ત્યારબાદ થોડા પ્રશ્નો થયા. પછી થોડી ચોપાઈઓ ગાઈ બતાવી. સૌ પ્રસાદ લઈ વિદાય થયા. પૂ. શ્રીએ બટાટાવડા, દૂધ વગેરે લીધું ને રામાયણલેખન કર્યું.



સર્વેશ્વરી થોડીવાર નીચે ફોનના કામ માટે યજમાન પરિવાર પાસે જાય છે. પછી ફરી ઉપર પૂ. શ્રી પાસે આવી જાય છે. પૂ. શ્રી હસતા હસતા કહે છે :

કેમ રખડુપટ્ટમ્, ગપ્પાપટ્ટમ્, શી વાતો થઈ? સર્વેશ્વરી વિગતે વાત કરે છે. એટલે પૂ. શ્રી કહે છે બેસવું જરૂરી હતું તો બેઠાં. એવી વાતો થઈ તે સારૂં. એ આખુંયે કુટુંબ સેવાભાવી છે, પ્રેમાળ છે. બેસવું. એમાં શું?

ત્યારબાદ આરામ. હરિઃ ૐ

(ક્રમશઃ)

સૌજન્યથી :

**YOGA & TOTAL HEALTH CENTRE**

ડો. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

"નિરાંત"
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત–૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૯૫૨૮૩

બ્રધર લૉરેન્સ

# ઈશ્વર–સાન્નિધ્યની સાધના

યશસ્વીભાઈ ય. મહેતા

## પત્રપરિસંવાદ–૧૦

પૂજ્ય મા,

શ્રીમાન......ને પત્ર લખવા મારી જાતને સમજાવવામાં મને સારી એવી મુશ્કેલી લાગી હતી. પરંતુ તમે અને શ્રીમતી ઇચ્છો છો કે મારે કંઈક લખવું જોઈએ એટલે સમય કાઢીને હું લખી રહ્યો છું. મારી નમ્ર વિજ્ઞપ્તિ છે કે આ પત્રનો સાર તમે તેને પાઠવશો. ઈશ્વરમાં તમારી શ્રદ્ધા–વિશ્વાસ જોઈને હું પ્રસન્ન થયો છું. હું ઇચ્છું છું કે દિનપ્રતિદિન તેમાં પ્રભુ વૃદ્ધિ કરે. આવો ભલો અને વિશ્વાસુ મિત્ર, સખા સંસારમાં મળી શકે નહીં. આ લોકમાં કે પરલોકમાં તે કદીય આપણને ભૂલથાપ આપશે નહીં.

જો શ્રીમાન......તેને જે ખોટ પડી છે તેનો લાભ કેમ ઊઠાવવો, તેનો સદુપયોગ કેમ કરવો તે સમજે, ઈશ્વરમાં તેનો પૂર્ણ વિશ્વાસ મૂકે, તો સૌના આ સ્વામી તેને બીજો–તેણે ગુમાવ્યો છે તે કરતાં વધુ શક્તિશાળી અને તેના વધુ હિતસાધક મિત્રને મોકલી આપશે. આ સર્વશક્તિશાળી સ્વામી પોતાને ગમે તે રીતે બે મિત્રો કે સગાંવહાલાંની વચ્ચે યોગ ને વિયોગનું સર્જન કરે છે. કદાચ શ્રી......તેણે ગુમાવેલા મિત્ર પ્રત્યે વધુ પડતી આસક્તિ ધરાવતા હતા. આપણે આપણા મિત્રોને અવશ્ય ચાહવા જોઈએ, પરંતુ ઈશ્વર પ્રત્યેના પ્રેમભાવમાં ખલેલ પહોંચાડે તેટલી હદે તો



નહીં જ. ઈશ્વરપ્રેમ એ જ આપણા માટે પ્રમુખ સંબંધ છે, બીજા બધા તેની પછીના ક્રમે જ આવી શકે છે.

કૃપા કરીને યાદ કરો કે મેં તમને ઈશ્વરચિંતન દિવસે અને રાતે, વ્યવસાય કરતી વખતે કે તે સિવાયના સમયે કર્યા કરવાનો અભ્યાસ કરવા ભલામણ કરી છે : તેને કદી એકલો, રેઢો ન મૂકો. તમને મળવા આવે છે તે મિત્રને ય તમે એકલો છોડી દઈને ક્યાંય જતા નથી તો પછી આપણા અંતરમાં સદા બિરાજમાન ઈશ્વરની અવગણના કેવી રીતે કરી શકાય? તો પછી કદીય તેનું વિસ્મરણ ન થાય તેની સતત કાળજી રાખો. તેનું સ્મરણ–મનન કર્યા જ કરો. તેની સાથે જીવો તેની સાથે મરો. સાચા ખ્રિસ્તીનો એક શબ્દમાં કહીએ તો, આપણો એક માત્ર ધર્મ છે. જો આપણને ન આવડે તો તે શીખી લેવો જોઈએ. બાકી મને લાગે વળગે છે ત્યાંસુધી મારી પ્રાર્થનાઓ દ્વારા તમને મદદરૂપ થવા હું સતત પ્રયત્ન કરતો રહીશ. શ્રીપ્રભુના સ્વરૂપમાં, તેના ચરણોમાં આપણો પ્રેમ નિરંતર વધતો રહે તેવી પ્રાર્થના કરતો તમારો શુભેચ્છક.

(ક્રમશઃ)

શ્રી સર્વેશ્વરી તીર્થના દ્વિતીય પાટોત્સવ પ્રસંગે

# પ. પૂ. માનો સાધકોને સંદેશ

મા સર્વેશ્વરી

ગુરુદેવપ્રભુ શ્રી યોગેશ્વરજીના મંદિરના સર્જક, સૌના સન્માનપાત્ર, પ્રભુના કૃપાપાત્ર ભક્ત શ્રી જેકે.

વિશ્વમાં સૌ પ્રથમ તમારા હાથે જ પૂ. શ્રીનું મંદિર નિર્માણ થાય. તમારા હાથ કેટલા બધા પુણ્યશાળી છે! અનંત જન્મોના શુભકર્મોનું એ પરિણામ છે. તમારું આ મહાકાર્ય દેવોને પણ વંદનીય લાગે છે.

મંદિરમાં તમે પધરાવ્યા. તો સાથે સાથે તમે તમારા જીવનમાં પણ પધરાવ્યા છે. શ્વાસોશ્વાસે તમે એની પ્રતિષ્ઠા કરી છે. દરેકકાર્યમાં દરેક ક્ષણે તમે તેમને સાથે જ રાખો છો. જાણે હાલતા ચાલતા મંદિર જેવા મહામાનવ બન્યા છો તમે તો. ધન્યવાદ. અભિનંદન.

ભૌતિક પ્રગતિ સામે ધાર્મિક પ્રગતિ પણ સરસ રીતે થઇ રહી છે. ખરેખર તો આ પ્રતિષ્ઠા મહોત્સવ એટલે જે. કે.નો જન્મદિન ગણાય. સૂતેલો અંતરાત્મા જાગ્યો. પ્રભુમય જગતમાં ભાવ-ભક્તિથી આંખ ઊઘાડી અને મંદિર સ્થાપીને ઉત્સવો ઉજવીને કંઇ કેટલા બધાને જગાડશો તેની ગણત્રી તો પ્રભુ જ કરતા હશે.

અતિનિયમિત તમારા પ્રણામ 'મા'ને મળે છે. તો અંતરના અતિનિયમિત આશીર્વાદ પણ તમને પહોંચતા જ હશે ને, તે યાદ રાખજો. તમારી નિયમિતતાને ધન્યવાદ.



સદ્‌ગુણ દર્શન કરાવનાર આ સુદર્શનપત્ર છે. સૌરાષ્ટ્રના સત્સંગના આધારસ્તંભ સમા શ્રી નારાયણભાઇ જાની, શ્રી શાંતિભાઇ કનેરીયા, શ્રી હરિકલ્યાણની જોડલી, શ્રી ભાઇલાલભાઇ છાંટબાર, શ્રીપુરુષોત્તમભાઇ ગાંધી, શ્રી ઉમિયાશંકરભાઇ, અરે, શ્રી દવેજી તથા વિજય, અજય, રાજુભાઇ, અશોકભાઇ જાંબુચા, શ્રીબાલાજી વિમળાની જોડલી અને હજી હમણા હમણાં પધારેલા કાન્તિભાઇ, પદયાત્રી શ્રી મોહનભાઇ, શ્રી જાગાણી, શ્રી જીવરાજભાઇ મૈયાણી, સૌરાષ્ટ્રની ધરતી ઉપર તો જાણે ભક્તોનો સત્સંગીઓનો મેળો. તે મેળામાં જે. કે. કેવા સરસ ગોઠવાઇ ગયા છો. સૌને આશીર્વાદ.

### પ્રતિષ્ઠા મહોત્સવ

પધારનારા સૌના જીવનમાં એ નિત્ય ઉજવાતો રહો. આપણે બધા જ પરમ ચૈતન્યથી ભરેલા પ્રભુની પ્રતિષ્ઠા પામેલા હાલતા ચાલતા મંદિર જેવા જ છીએ. તે યાદ રાખીને આપણા જીવનને પવિત્ર બનાવીએ. પ્રભુપરાયણ બનાવીએ. પધારેલા સૌના હૈયામાં નાનકડી શ્રદ્ધાની દીવડી સ્થિર થઇ છે. તેને વધુ ને વધુ પ્રકાશવંતી કરીએ. ઉત્સવમાં પધાર્યા છો તો જીવનને ઉત્સવ જેવું બનાવીએ. દરેક ઉત્સવે નવા નવા નિયમો લઇએ. નિયમો જ આપણી સાચી મૂડી છે.

પધારેલા સૌ તથા જે નથી પધાર્યા તે સૌના ઉપર નવા વરસે પ્રભુના ખૂબ ખૂબ આશીર્વાદ ઉતરો. જે. કે.ના જીવનમાંથી પ્રેરણા મેળવી આપણે પણ સૌ સત્કર્મો કરતાં કરતાં સુગંધિત બનીએ. ધૂપસળી બનીને સૌને સુગંધિત કરીએ.

શાસ્ત્રોમાં ઉત્સવોનું આયોજન પ્રભુમય જીવન જીવવાજેવું છે,

એવું સ્મરણ કરાવવા માટે જ છે. ઉત્સવો આપણને જગાડે છે. જાગ્યા હોય તેને ચાલતા કરે છે. ચાલતા થયા હોય તેને દોડતા કરે છે. દોડતા થયા હોય તેને પ્રભુના અંકે પહોંચાડનારા છે. માટે જ દરેક ઉત્સવોમાં હાજર રહેવું જ, એમાં જ આપણું પરમકલ્યાણ છે. દરેક ઉત્સવે આપણી શ્રદ્ધાભક્તિની મૂડી અનેકઘણી વધારવા-ની જવાબદારી પ્રભુ લેતો હોય છે. આપણે હાજરી આપવાની ફરજ બજાવવી. પ્રભુ શ્રદ્ધાભક્તિનો પ્રસાદ ધરવાની ફરજ બજાવશે.

સૌને પ્રભુના ખૂબ ખૂબ આશીર્વાદ. સૌનું સર્વ પ્રકારે મંગલ થાઓ.

મા

**સુવાક્ય**

સાધક બીજું કાંઇ ન કરે પરંતુ એ પ્રભુના નામના જપનો આધાર શ્રદ્ધાપૂર્વક લે તોપણ એનું કામ અવશ્ય સિદ્ધ થાય.

યોગેશ્વરજી

**ઈલેક્ટ્રીક મોટર, સબમર્સીબલ, ઓઇલ એન્જીન મશીન તથા ખેતીવાડીને લગતા ઓજારો તથા તેના સ્પેરપાર્ટસના છૂટક તથા જથ્થાબંધ વેપારી**

**સૌજન્ય : પૂજા એક્સપોર્ટસ**

*** જયંતીલાલ મોહનલાલ દઢાણીયા ***

**ખેતીવાડી એન્ડ ડીઝલ સ્પેર્સ,**

એસ. ટી. સ્ટેન્ડ પાસે, ચીખલી.

જિલ્લો : વલસાડ, પીનકોડ : ૩૯૬૫૨૧ (ગુજરાત)

ફોન નં. : ૨૩૫૯, ૨૪૫૯, ૨૫૫૯

ફેક્સ : (૦૯૧) ૦૨૬૩૫૩–૨૪૫૯/૨૦૬૭



સર્વેશ્વરી તીર્થનો

# દ્વિતીય પાટોત્સવ

તંત્રી

રાજકોટના જે. કે. પરિવારના સ્થાનમાં મા સર્વેશ્વરી તીર્થનો બીજો પાટોત્સવ તા. ૨૮–૧૧–૯૬ ના રોજ સરસ રીતે ઉજ-વાયો. રાજકોટ અને બહારના થઈ લગભગ ૭૦૦ ભાઈ બહેનોએ આ ઉજવણીમાં ભાગ લીધો.

શ્રી જે. કે. માવાળા (પટેલે) બહારગામથી આગલા દિવસે આવનાર સાધક ભાઈબહેનો માટે ઉતારા અને ભોજનની ખાસ વ્યવસ્થા રાખેલ. વળી તેની સાથે સત્સંગ મળી રહે તે માટે અંબાજીથી રાજકોટ સુધી (૪૦૦ કિલોમીટર) પૂ. મા શ્રી સર્વેશ્વરીના ધ્યાનમાં મળેલ આદેશ મુજબ પદયાત્રી બની આવેલ શ્રી મોહનભાઇ પટેલનો ખાસ વાર્તાલાપ પણ રાખેલ.

શ્રી મોહનભાઇએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે પૂ. માના ધ્યાનમાં મળેલ આદેશ મુજબ તેઓ દેવપ્રયાગના શાન્તાશ્રમમાં ત્રણ માસ રહી આવ્યા. પ્રથમ દૃષ્ટિએ ત્યાં નિવાસ કરાય એવી સુવિધાઓ ના હોવા છતાં, મળેલ આદેશમાં વિશ્વાસ રાખી અનેક મુશ્કેલીઓ છતાં ત્યાં રહ્યા. તે વખતે ચોમાસાનો સમય હતો એટલે મચ્છરોનો ખૂબ ઉપદ્રવ હતો. વળી મકાનમાં લાઇટ કે બારી નહિ એટલે ગરમી પણ લાગે. પરંતુ તેઓના આશ્ચર્યની વાત તો એ હતી કે આસપાસ અનેક મચ્છરો ગણગણાટ કરતા હોવા છતાં તેઓને એક મચ્છર કરડયો નથી, જાણે કે પૂ. માએ તેઓની

ફરતું એક રક્ષાકવચ જ જાણે સર્જી દીધેલું! વળી કુટિયાનું દ્વાર બંધ કરીને સૂતાં જ જાણે શીતળતાનો અનુભવ થવા લાગતો, એ ન સમજાય એવી વાત હતી. ખરેખર તો બારણું બંધ કરવાથી ઘણી ગરમી લાગવી જોઇએ.

વળી તેઓ જેટલા દિવસ દેવપ્રયાગ રહ્યા, તેટલા દિવસ વહેલી સવારે પાંચ વાગે ઊઠી, દેવપ્રયાગના સંગમ ઉપર સ્નાન કરવા જતા. ત્યાંથી પાછા ફરતાં શ્રી મેચંદભાઇના ઘરેથી પોતા માટે લીધેલું દૂધ લઇ આવતા. શ્રીમેચંદભાઇના પરિવારની આ સેવા અદ્‌ભુત હતી. તેઓનાં માતાજી ખૂબ ભાવપૂર્વક શ્રી મોહનભાઇની કાળજી લેતાં. સાધના દરમ્યાન દિવસમાં એકવાર મોટાભાગે માત્ર ખીચડી જ પોતાની મેળે બનાવી લેતા. તે દૂધ સાથે જમી લેતા.

ત્રણ માસના વસવાટ દરમ્યાન હજામત નહિ કરાવેલ હોવાથી, દાઢી અને વાળ વધી ગયેલ. તેથી સાધુ જેવો વેશ લાગતો. એક દિવસ શ્રી મેચંદભાઇના બાએ શ્રી મોહનભાઇને કહ્યું, "એક ફોટો પડાવી લો. ઘરે જઇને બતાવવા થાય કે કેવા લાગતા હતા."

શ્રી મોહનભાઇએ કહ્યું, "મા, તમારું સૂચન સારું છે. જો કોઇ ફોટોગ્રાફર અહીં હોય, તો ફોટો પડાવી લઇશ."

પરંતુ ચાર દિવસ પછી શ્રી યોગેશ્વર પરિવારના એક સાધક ભાઇ શ્રી ચંદ્રકાન્ત પટેલ છેક અમદાવાદથી દેવપ્રયાગ પહોંચી ગયા. તેઓ વિડિયો શુટીંગ અને ફોટોગ્રાફીનું કામ કરે. તેમને જોતાં જ શ્રી મોહનભાઇને આનંદ અને આશ્ચર્ય થયું. તેઓને અહીં આવવાના પ્રયોજન અંગે પૂછતાં તેઓએ કહ્યું કે તેમને



ચારેક દિવસ ઉપર ધ્યાનમાં બેઠેલા ત્યારે એવી અંતઃસ્ફુરણા થઇ કે તેઓએ તમારો ફોટો પાડવા દેવપ્રયાગ આવવું. એટલે શ્રી મોહનભાઇનો ફોટો પાડવા જ તેઓ છેક અમદાવાદથી દેવપ્રયાગ સુધી આવ્યા!

આ સાંભળતાં જ શ્રી મોહનભાઇના આશ્ચર્યનો પાર ન રહ્યો.

શ્રી મોહનભાઇએ આનંદ વ્યક્ત કરતાં કહ્યું કે તેઓ પોતાનો ફોટો પડાવવા ચારેક દિવસથી વિચારતા હતા, પરંતુ ત્યાં એવી કોઇ સુવિધા જણાઇ ન હતી. પૂ. મા સર્વેશ્વરીની આવી અદ્‌ભુત લીલા જોઇ તેઓ ખૂબ દ્રવીભૂત થઇ ગયા. પૂ. મા સાધકભક્તનું કેવું ધ્યાન રાખે છે!

દેવપ્રયાગની કુટિયામાં લાઇટ ન હતી. તેઓએ એક ફાનસ રાખેલું. પરંતુ તેનો ઉપયોગ બહુ ઓછો થતો, કારણ રાતે મોટા-ભાગનો સમય તેઓ ધ્યાન અને જપમાં જ વીતાવતા. તેઓએ વધુમાં કહ્યું કે મુશ્કેલીઓ તો ઘણી ઘણી પડી, પરંતુ પૂ. મા અને પૂ. યોગેશ્વરજીમાંની શ્રદ્ધાને લીધે જ ત્યાં ટકી શકાયું. તો તેમની કૃપા પણ મળી. દેવપ્રયાગના નિવાસ દરમ્યાન મસૂરી જવાનો આદેશ મળ્યો. જીવનમાં પહેલીવાર ત્યાં ગયા. તો ત્યાંના આચાર્યે ખૂબ ભાવપૂર્વક એમનું સ્વાગત કરી, તેમને ઉતારા વગેરેની સુવિધા પૂરી પાડી.

બીજા દિવસે પૂ. શ્રી જે ઓરડામાં નિવાસ કરતા હતા તે ઓરડામાં તેઓ ધ્યાન કરવા બેઠા. તેઓ જ્યારે રાજકોટથી નીકળ્યા ત્યારે મનમાં એક ભાવના હતી કે પૂ. ગુરુદેવનું દર્શન થાય તો કેવું સારું!

તેઓની એ ભાવના દેવપ્રયાગમાં ફળીભૂત ના થઇ, પરંતુ

મસૂરીમાં પ્રભુએ તે પરિપૂર્ણ કરી. પૂ. ગુરુદેવશ્રી લેખન કરી રહ્યા છે એવું સ્પષ્ટ દર્શન શ્રી મોહનભાઈને ઉઘાડી આંખે અહીં થયું. તેથી તેઓને આનંદ અને સંતોષ પણ થયો. હિમાલય સુધી આવી, ત્રણ માસનો નિવાસ કર્યો તો પ્રભુએ સાધનાના ફળસ્વરૂપ દર્શન પણ આપ્યાં. આ કળિયુગમાં સાચા દિલથી જે તપે અને ઝંખે છે, તેની ભાવના પ્રભુ પરિપૂર્ણ કરે જ છે. એની પ્રતીતિ શ્રી મોહન-ભાઈના જીવનમાં જોવા મળે છે.

બીજા દિવસે (તા. ૨૮–૧૧–૯૬ ના રોજ) તેઓએ પોતાના સાધનાત્મક અનુભવોની વાત કરતાં જણાવ્યું કે દેવપ્રયાગમાં જ તેઓને પૂ. માએ ધ્યાનમાં આદેશ આપેલ કે ગુજરાત જઈ ત્રણ મહિના અંબાજીમાં 'સ્વર્ગારોહણ'માં નિવાસ કરજો. એ આદેશ અનુસાર તેઓ અંબાજીમાં રહ્યા. અહીં પૂ. બાપજીનો સતત સત્સંગ મળ્યા કરતો ને તેઓની સાધના પણ સરસ ચાલતી. અહીં સમય પૂરો થવાના સમયે ફરી ધ્યાનમાં પૂ. માએ કહ્યું, "અંબાજી-થી રાજકોટ પગે ચાલીને જાઓ." ખરે જ, પૂ. માના આદેશો શ્રી મોહનભાઈની શ્રદ્ધાની કસોટીરૂપ હતા. છતાં શ્રી મોહનભાઈ એમાં ઉણા ઉતરે તેમ ન હતા. તેઓને અંબાજીથી રાજકોટ પગપાળા જવાનું હતું. પૂ. માના જન્મદિનના (૧૩–૧૧) આગલા દિવસે તેઓએ પૂ. બાપજીના આશીર્વાદ સાથે પગપાળા ચાલવા માંડયું–સાથે સામાનનું વજન પણ સત્તર કિલો જેટલું હતું. ખેડબ્રહ્માવાળા માર્ગે ચાલતાં ડુંગરોના ચઢાવ ઉતરાવ પણ આવતા. મોડી રાત સુધી કે વહેલી સવારે ચાલવાનું થતું. શ્રી મોહનભાઈમાં કોઈ પ્રકારનો ભય ન હતો. તેઓ સતત પૂ. મા–પ્રભુનું સ્મરણ કરતા પોતાનો માર્ગ કાપતા. તેની કથા તો ઘણી લાંબી છે. પરંતુ તેઓ છેલ્લા એક દિવસમાં માત્ર બે કલાક જ આરામ કરીને–



સતત ૨૨ કલાકમાં ૯૦ કિલોમીટર ચાલ્યા! તે વાત અદ્‌ભુત હતી. પૂ. માએ પગોમાં એવી શક્તિ પૂરી દીધી કે એ ચરણો ચાલતાં જ રહ્યાં–થાક્યા વિના. પરિણામે એક નવી આધ્યાત્મિક ગાથા બની ગઈ!

શ્રી મોહનભાઈની વાતોએ સાધકોના દીલમાં સરસ શ્રદ્ધાનો સંચાર કર્યો અને તેઓને પોતાના જીવનમાં સાધના પરાયણ બનવાની પ્રેરણા પૂરી પાડી.

### પાટોત્સવ

શ્રી સર્વેશ્વરી તીર્થમાં વહેલી સવારથી પૂ. માના ભજનો અને પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની દિવ્ય વાણીથી સારુંય વાતાવરણ એક પ્રકારની આધ્યાત્મિક ચેતનાથી ભર્યું ભર્યું થયેલું. શ્રી જે. કે. પરિવારના બે ભાઈઓ શ્રી જે. કે. અને શ્રી રતિભાઈ, રેશમી પીતાંબરો પહેરી તેઓની પત્નીઓ સાથે પૂ. મા અને પ્રભુનાં સ્વરૂપોની શાસ્ત્રોક્તવિધિથી પૂજા કરવામાં પ્રવૃત્ત થયા. શ્રી વિજય-ભાઈ પુરોહિતે–પંડિતજીએ ખૂબ ભાવપૂર્વક વેદોક્ત મંત્રો સાથે આ વિધિ કરાવી. તે પછી ૧૧ જેટલી યજ્ઞવેદીઓ આસપાસ લગભગ દોઢસો ઉપરાંત સાધક ભાઈબહેનોએ બેસી પૂ. મા શ્રી સર્વેશ્વરી તેમ જ વૈશ્વિક શાન્તિ અને સુખાકારી માટે મંગલ યજ્ઞ કર્યો. દેવોને અર્પણ કરાતી આહુતિઓ વખતે ઉચ્ચારાતા 'સ્વાહા'ના મંગલધ્વનિ અને યજ્ઞવેદીઓમાં હોમાતાં પવિત્ર દ્રવ્યોની સુવાસથી સમગ્ર વાતાવરણ મહેંકી ઊઠયું હતું.

સમય થતાં જ કાર્યક્રમના આરંભથી શ્રી સ્રવેશ્વરી તીર્થનું આખું પટાંગણ સાધક ભાઈબહેનોથી ખીચોખીચ ભરાઈ ગયું હતું. પ્રારંભની પ્રાર્થના પછી ધૂન–પ્રાતઃસ્મરણમ્, શ્રી ગુરુચરણમ્, શ્રી

દમયંતીબેનના મધુર કંઠે ગવાઇ. શ્રી કુન્દનબેન રાણાએ વક્તવ્યો-નો પ્રારંભ કરતાં કહ્યું કે પૂ. માના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાથી તેઓની આધ્યાત્મિક બેટરી ફરીથી ચાર્જ થતી અનુભવે છે.

પોતાના પ્રારંભના જીવનમાં કોઇ આધ્યાત્મિક સંસ્કારો ન હતા. પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીએ તેમાં આવા સંસ્કારોના પ્રથમ અક્ષરો પાડયા અને ઉત્તરોત્તર તે ઘૂંટાતા રહ્યા. પૂ. માએ તેઓના જીવનમાં કોઇ ખાલીપો ન અનુભવાય તેનું સતત ધ્યાન રાખ્યું. એટલે તો સાંસારિક અડચણોને અવગણીને અહીં દોડી આવવાનું પ્રલોભન રોકી શકાતું નથી.

ભાવનગરની નવી સાધિકા શ્રી જાનકીબેને તેના દિવ્યતા સભર કંઠેથી એક નાનું સરસ ભજન સંભળાવ્યું.

શ્રી મોહનભાઇએ કહ્યું કે પૂ. માની કૃપા તો વરસ્યા જ કરે છે. તમે પુરુષાર્થ કરો તો પામો. બે વર્ષ પહેલાં તેઓ અનેક રોગોના ભોગ બનેલા. પરંતુ પૂ. મા–પ્રભુની કૃપાથી આ બધા જ રોગો દૂર થઇ ગયા છે અને તેઓ આ ૬૫ વર્ષની વયે સંપૂર્ણ તંદુરસ્તીભર્યું જીવન જીવી રહ્યા છે. તેની સાબિતી ૧૨ દિવસમાં ચારસો કીલોમીટર ચાલ્યા તેના ઉપરથી મળી રહે છે. (શ્રી મોહનભાઇની વાતોનો ઉલ્લેખ આ લેખના પ્રારંભમાં છે.)

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના ટેપ પ્રવચનનો વિષય સાધના કેવી અને શા માટે હોવી જોઇએ તે હતો. તેઓશ્રીએ કહ્યું કે તે એકધારી અખંડ દીર્ઘકાળ સુધી ઉત્સાહપૂર્વક ચાલતી રહે તો તેના પરિણામે આત્મિક શાન્તિ, સિદ્ધિઓ અને સાક્ષાત્કાર પણ થાય છે. પરંતુ તેનાથી પરિતૃપ્તિ અનુભવ્યા સિવાય તે ચાલુ જ રહેવી જોઇએ. હવે તેનું ધ્યેય વૈયક્તિક મટી સમષ્ટિના ભલા અને



સમગ્ર વિશ્વના કલ્યાણ માટેનું હોવું જોઇએ.

શ્રી ગોરધનભાઇ કલોલા (શ્રી કલ્યાણ) તો એક ભાવમય પુરુષ છે. તેઓએ કહ્યું કે જુઓ તો ખરા તેઓ તેમના ચિત્તને બીજે ક્યાંય લઇ જઇ શકતા જ નથી. એ એવું તો માના ભાવોથી રંગાઇ ગયું છે કે એમાં પૂ. મા પ્રત્યે નવા નવા ભાવો ઊઠતા જ રહે છે. દિનપ્રતિદિન એ ભાવો ગાઢ અને પ્રગાઢ બનીને એક ઝરણામાંથી બનેલી સરિતાની જેમ પૂ. માના પવિત્ર સાગરસમાં ચરણોમાં સમાઇ જાય છે.

અન્તમાં તેઓએ ઉમેર્યું કે પૂ. મા જ્યારે આપણી વચ્ચે પ્રત્યક્ષ છે, ત્યારે એને મૂકી બીજા દેવોને ભજવાની શી આવશ્યકતા છે? ફક્ત એનો મહિમા જાણી લઇ, 'મા'મય બની જાઓ એટલે તમારું તે બધું જ સંભાળી લેશે, જે રીતે એમણે શ્રી જે. કે. અને મોહનભાઇનું સંભાળી લીધું છે. તમારા વિચારો, ભાવો ને સ્વભાવ પણ સાવ બદલાઇ જશે અને તમે એક નવા ભાવપૂર્ણ વ્યક્તિ બની રહેશો. તમારું બાહ્યશરીર એ જ રહેશે, પરંતુ આંતરિક કલેવર સંપૂર્ણ બદલાઇ જશે. ભાગવતની ભગવાન કૃષ્ણની લીલાઓ સાંભળતાં તેઓના મનમાં સાથે સાથે પૂ. માની લીલાઓ અને લટકાઓ ઉભરાતાં રહેતાં.

પૂ. માને આપણે જેટલો પ્રેમ આપીશું તેનાથી અનેકગણો વધારે તે સામેથી આપતાં રહેશે. પૂ. માને પદાર્થો નથી જોઇતા, તેમને તો તમારો ભાવ જ જોઇએ છે, કારણ કે સંકલ્પ માત્રથી તે અનેક વસ્તુઓ સરજી શકે છે, તેને શાની ખોટ હોય? એટલે પૂ. માના મનમાં એકવાર સમર્પિત થઇને વસી જાઓ, એટલે તમારું જીવન સફળ થઇ ગયું સમજજો.

શ્રી આશાબેને કહ્યું કે પૂ. માને મન દેશ કે પરદેશ જેવા કોઇ ભેદ નથી. જ્યાં જ્યાં માનવો છે અને જેઓ પ્રભુમાં શ્રદ્ધા ધરાવે છે તેમને મા માર્ગ ચીંધતાં રહે છે, પછી તે ભારતમાં હોય કે વિદેશમાં. છેલ્લી નવરાત્રિની અમેરિકાના ઓઝાના ખાતેની દસ દિવસની સાધના શિબિરે અનેકોના જીવનમાં ક્રાન્તિ કરી છે, તેઓના જીવનમાં નવી દીશા ચીંધી છે. કેવળ ભૌતિક સમૃદ્ધિમાં જ રાચતા અને સગવડતાઓમાં સુખ શોધતા, તેઓના મનને સ્વૈચ્છિક ત્યાગના અને તેના વડે સાંપડતા આંતરિક આનંદના પાઠ પણ પૂ. માએ ભણાવ્યા. આ તેઓ માટે નવી વાત હતી. જ્યારે મન કોઇ પણ પ્રતિકૂળતા પ્રત્યે દુઃખ ન અનુભવે ત્યારે દુઃખ એ દુઃખ રહેતું નથી. એવું જ સુખનું સમજવું. હર પરિસ્થિતિમાં સમત્વપૂર્વક જીવાય એ જ મહત્ત્વનું છે. એ વાત પૂ. માએ શીખવી.

પૂ. માએ પહેલેથી જાહેર કરેલ કે તેઓ મૌન પાળશે. તેમ જ બધા જ કાર્યક્રમોમાં હાજરી આપશે નહિ, તોપણ છેક ઇંગ્લેન્ડ, કેનેડા અને અમેરિકાના દૂર દૂરના ખૂણેથી બસો કરતાં વધુ સાધક ભાઇબહેનો આવ્યાં. કયું આકર્ષણ તેઓને આ નાનકડા ગ્રામ્યવિસ્તારમાં ખેંચી લાવ્યું? પરંતુ પૂ. મા તો મા જ છે. તેઓએ આ દિવસો દરમ્યાન પોતાના સ્વાસ્થ્યની સહેજ પણ પરવા કર્યા વિના વહેલી સવારના પ્રભાતફેરીથી માંડી ૧૨૫ પ્રણામ સુધીના તેમ જ રાતે ગરબાના કાર્યક્રમોમાં હાજરી આપી. વળી શ્રી કલ્યાણના દરરોજ વંચાતા ભાવપૂર્ણ પત્રોએ પૂ. માને પોતાનું સવા વર્ષથી ચાલી આવતું મૌન તોડી સાધકોને સંબોધવા બાધિત કર્યાં. આ પ્રેમની કેવી અદ્‌ભુત જીત કહેવાય! આ ભાવપૂર્ણ પત્રોનું વાંચન કરવાનું સદ્‌ભાગ્ય આશાબેનને મળેલું.



વળી વેદો, શાસ્ત્રો, પુરાણો માનવને કેવી રીતે ઉત્તમ આધ્યાત્મિક જીવન જીવાય તે કેવળ દર્શાવે છે. પરંતુ પૂ. માના જીવનનું નિરીક્ષણ કરશો તો સમગ્ર શાસ્ત્રોનો સાર તેમાં જોવા મળે છે. પૂ. મા આપણને—પોતે જાતે જીવીને, ઉત્તમ જીવન કેમ જીવાય તે બતાવી રહ્યાં છે. આપણે તે જોઇને આપણા જીવનને તેવો ઘાટ જ આપવાનો છે.

તે પછીના વક્તા હતા—પરદેશથી પધારેલ શ્રી બાબુભાઇ પટેલ. તેઓનાં પત્ની નવરાત્રિ શિબિરમાં ચાર દિવસ માટે જ ગયેલાં. પરંતુ પૂ. માએ તેમને આગ્રહપૂર્વક રોકી પાડયાં. પરદેશમાં જોબ ઉપર વગર મંજુરીએ ગેરહાજર ના રહેવાય. તેથી તે બેનને પોતાના ઉપરી અધિકારીનો ઠપકો સાંભળવો પડશે એવી સતત દહેશત હતી, પરંતુ તેઓ જ્યારે પાછાં ફર્યાં ત્યારે તેમના આશ્ચર્ય વચ્ચે તેમને કશું જ કહ્યું નહિ, કિન્તુ સસ્મિત આવકાર્યાં! આ લીલા કરી પૂ. માએ એ વાતની પ્રતીતિ કરાવી કે ગમે તેટલા દૂરના માણસના મનના પ્રતિભાવો પર પણ તેઓ અસર પહોં-ચાડી શકે છે. શ્રી બાબુભાઇએ આ ઘટના સરળભાષામાં વર્ણવી.

આ પાટોત્સવમાં ભાગ લેનાર સાધકોનું કેન્દ્રબિન્દુ પૂ. બાપજી હતા. તેઓએ પોતાની અનુભૂતિ સભર મૃદુવાણીમાં જણાવ્યું કે એક પ્રભુ પ્રત્યેનો પ્રેમ જાગી જાય પછી બીજા પ્રેમની ભૂખ કે આવશ્યકતા નથી રહેતી. પરંતુ માણસનું અહં તેના સમર્પણ-ભાવમાં આડે આવે છે તો કેટલીક વાર માણસની સ્વાર્થવૃત્તિઓ. જીવનમાં બનતી નાનીમોટી ઘટનાઓમાં પૂર્વના સંસ્કારો ને ઋણાનુબંધ જ કામ કરતા રહે છે. પ્રભુકૃપાથી પૂ. મા—પ્રભુના પ્રત્યક્ષ સંસર્ગમાં જ્યારે આવી જ ગયા છીએ તો તેનો પૂરો લાભ ઊઠાવી જીવનનું સાર્થક્ય કરી લઇએ. એ યાદ રાખીએ કે પૂ.

મા–પ્રભુ સિવાય નિષ્કામ પ્રેમ બીજું કોઇ જ આપી શકે તેમ નથી.

સાધકોને શીખ આપતાં તેઓએ ઉમેર્યું હતું કે આત્મનિરીક્ષણ કર્યા સિવાય આગળ વધાતું નથી. તે માટે સતત પુરુષાર્થ સાથે નિયમોનું દૃઢતાપૂર્વક પાલન કરવું જોઇએ. એકવાર મા–પ્રભુનું પ્રેમપૂર્વક શરણું લઇ લઇએ પછી આપણું સ્વાસ્થ્ય અરે, બધું જ પૂ. મા સંભાળી લે છે. પછી જીવન વિકાસના પંથે જરૂરી એવું ભાથું પૂ. મા પૂરું પાડે છે. સાધકે એ પણ ધ્યાન રાખવું રહ્યું કે નાની મોટી વાતોમાં ક્યાંય બંધાઇ કે અટવાઇ જતા નથીને! જો તે માટે જાગૃતિ ન હોય તો સાધક માટે પથચ્યુત થવાનો ભય રહે છે.

અંતમાં તેઓએ ઉમેર્યું કે પ્રભુની દિવ્યશક્તિનું પ્રકટ રૂપ સામે છે, તો તે છોડીને બીજે ભટકવાની શી જરૂર છે? આપણે પ્રભુ-ચરણે પ્રાર્થના કરીએ કે અમારી સર્વપ્રકારે રક્ષા કરી, હે મા! આપની કૃપાને લાયક બનાવજો.

પૂ. માના સાન્નિધ્યની કૃપા પામેલ સાધક શ્રી મંજુબેને કહ્યું કે પ્રભુની કૃપા છે માટે જ મારા મનને પૂ. મા ગમે છે. વળી પૂ. માની લીલાઓ પણ પેલા નટખટ નંદકિશોર જેવી જ હોય છે. તેનું ઉદાહરણ આપતાં કહ્યું કે પૂ. માને જ્યારે કંઇ લેવાનું હોય ત્યારે રસ, દૂધ કે ફળના ટૂકડા ઢાંકીને મૂકીએ તો પછી થોડીવાર પણ પૂ. મા મોઢા ઉપર કૃત્રિમ અણગમાનો ભાવ ધારણ કરી–પોતાની ઉપરામતા દર્શાવી બધું જ લઇ જવા આદેશ આપે. પરિણામે ગંભીર થઇ જવાય અને પૂ. માને કંઇ લેવાનું ફાવ્યું નહિ, તેની ચિન્તા પણ થાય! પરંતુ ધીરેથી જ્યારે ઢાંકેલો ગ્લાસ ઉપાડીએ તો તે ખાલી જ હોય! એટલે મોઢા ઉપરનાં દુઃખ, વિષાદ એકદમ અદૃશ્ય થઇ જાય અને પૂ. માને છૂપુ હસતાં જોઇ હસી પડાય! આમ આખું વાતાવરણ જ બદલાઇ જાય. આવી તો પૂ. માની અનેક લીલાઓ.



શ્રી નારાયણભાઇ જાનીએ પોતાના વક્તવ્યમાં કહ્યું કે પૂ. મા આપણી કોઇ વસ્તુમાંની આસક્તિ હોય તો કેવી અદ્‌ભુત રીતે છોડાવે, તે અંગેનો પોતાનો અનુભવ વર્ણવતાં જણાવ્યું કે તેઓ હરિદ્વાર ગયેલા. ત્યારે તેઓને એક ગરમ શાલ ખૂબ ગમી ગયેલી. તેથી તે ખરીદી લીધી. પછી તેને વાપરતાં પહેલાં પૂ. માને અર્પણ કરી તેને ઉપયોગમાં લેવી તેવો તેઓની પત્નીનો ભાવ. પરંતુ કોઇ કારણવશ પૂ. મા જ્યારે પધાર્યાં ત્યારે રહી ગયું. એથી પૂ. માએ વડોદરામાં રામાયણ પારાયણ કર્યું ત્યારે અમે તે સાથે લઇ લીધી. પૂ. મા સાંજે સાંજે સાધકોના ઉતારા પર આવતાં. તેથી એવા એક પ્રસંગે પૂ. મા પધાર્યાં ત્યારે તેઓનાં પત્નીએ પૂ. માના ચરણમાં તે મૂકી. પૂ. માએ તે હાથમાં લીધી ને પોતાના ખોળામાં પાથરી. પરંતુ તે જ વખતે અમદાવાદવાળાં શ્રી રંજનબેને પણ પોતાની નવી શાલ પૂ. મા આગળ મૂકી. પૂ. માએ તેને પણ લીધી.

પછી કોણ જાણે કેમ, પરંતુ પૂ. માએ આ શાલો બદલી કાઢી, તેઓની શાલ રંજનબેનને આપી દીધી અને રંજનબેનની શ્રી નારાયણભાઇને! તેઓ તો પૂ. માની આ અદ્‌ભુત કરામત જોતા જ રહ્યા! થયું ચાલો, એક ગમતી વસ્તુ ગઇ, પૂ. માની જેવી મરજી. અને આ શાલ પણ થોડા વખત પછી પૂ. માએ પાછી માગી પરદેશના એક ભક્તને પ્રસાદીરૂપે મોકલાવી આપી! આવી પૂ. માની લીલા કોણ સમજી શકે?

અન્ય વક્તાઓમાં શ્રી હરિભાઇ ભોજાણી તેમ જ શ્રી રેવાશંકરભાઇ વગેરેએ પણ પૂ. માની પ્રશસ્તિ કરતી વાતો કહી.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી રાજેન્દ્રભાઇ જાનીએ કુશળતાપૂર્વક કર્યું. કાર્યક્રમના અન્તે પૂ. માએ પરદેશથી મોકલાવેલ સૂકામેવાનો કિંમતી પ્રસાદ સાધકોને સારા પ્રમાણમાં વહેંચવામાં આવ્યો.

શ્રી જે. કે. પરિવાર તરફથી સહુ ભાગ લેનાર સાધકો માટે સરસ મિષ્ટ ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલી. તેને ન્યાય આપી પૂ. માના મહિમાનું ગાન કરતા સહુ વિખરાયા.

એક આખા દિવસ માટે સહુને 'મા'મય બની જવાના અવસરને શ્રી જે. કે.એ એક સરસ તક પૂરી પાડી.

**સુવાક્ય**

ધીરજની પરીક્ષા આપત્તિમાં થાય છે, સંપત્તિમાં થતી નથી. વિપત્તિમાં અડગ ધૈર્ય રાખવાથી જ પરિણામે તે વિપત્તિ સંપત્તિનું રૂપ પકડે છે. **શ્રીમન્નાથભગવાન્**

ઓ. : ૨૨૩૫૯૮
૨૩૪૦૧૬
ફે. : ૩૬૨૪૩૭
ઘ. : ૪૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
**"સત્યવાન" તથા "ચંદન"**
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨



# શિલ્પી અને શિલ્પ

સુરેશભાઇ શાહ, કેનેડા

હૃદયમાં ઝંકૃત થતા ભાવોને શિલ્પી, પોતાના નિર્ધારિત શિલ્પમાં પ્રસ્થાપિત કરવા માટે તેના કદ, આકાર અને સ્વરૂપની મનમાં ધારણા કરે છે, કલ્પના કરે છે અને ત્યારબાદ જ પથ્થર કે આરસની ખાણમાં જઇ જરૂરી કદ, જરૂરી જાડાઇ અને જરૂરી રંગનો પથ્થર કે આરસ પસંદ કરે છે.

પૂ. માએ પણ જાણે કે લૌકિક લોકૈષણાઓથી જીવના દુન્યવી માનવીઓની ખાણમાંથી આધ્યાત્મિક સુરુચિ ધરાવતા સાધકોના મનમાં શિબિરમાં આવવા પ્રેરણા કરી. અને સાધકોના પ્રાણ અને પ્રકૃતિના રંગ નક્કી કરી તેઓને શિબિરાર્થી બનાવ્યા.

શિલ્પી, શિલ્પને તૈયાર કરતાં પહેલાં પૂર્વભૂમિકામાં, પથ્થર/-આરસના બીનજરૂરી ભાગને દૂર કરે છે અને ઘણથી જરૂરી કદ પ્રમાણે જે તે પથ્થર કે આરસને ખાણમાંથી અલગ પાડે છે.

પૂ. માએ પણ શિબિરાર્થીઓને લૌકિક સંબંધોરૂપી ખાણમાંથી, શિબિરનું આમંત્રણ આપી સંસારથી વિમુક્ત કર્યા અને શિબિરના વ્રતો અને નિયમોના ઘણથી માયા, મમતા, મોહ અને સ્વાર્થના બીનજરૂરી પડળોને દૂર કર્યાં.

કુશળ શિલ્પી તૈયાર થએલા પથ્થર/આરસને હવે આદર્શ અને ઇચ્છિત આકાર આપવા માટે નાનાં મોટાં ટાંકણાં અને હથોડાથી ઘડે છે.

પૂ. માએ પણ ઓઝ્રના શિબિરના આ શિબિરાર્થીઓને શિસ્ત અને સંયમના હથોડાથી તથા શ્રદ્ધા, ભક્તિ, નામસ્મરણ, મંત્ર-જપના ટાંકણાઓથી સંપૂર્ણ જતનથી અને વહાલથી શિબિરાર્થી-ઓને ઘડયા અને સરખા કર્યાં.

શિલ્પી ઘડાએલી સુંદર મૂર્તિને બજારમાં મૂકતાં પહેલાં તેના રંગ, રૂપ, આકાર, હાવભાવ, નયનરમ્યતા તથા સાહજીકતાને બરોબર ચકાસે છે તેમ, પૂ. માએ પણ શિબિરના અંતે નવ દિવસમાં, આ શિબિરાર્થીઓને સંસારની નશ્વરતા, સંસારનાં પ્રલોભનો તથા જીવનમાં ફક્ત પરમપિતા પરમેશ્વરને જ પામવાના છે તેની યાદ અપાવી અને શીખ આપી કે જીવનમાં ક્યાંય લિપ્ત થશો નહીં. અલિપ્ત રહેજો. અને હરહંમેશ પ્રભુસ્મરણ કરજો. જીવનને આધ્યાત્મિક બનાવજો. પૂ. માના શિબિરના આ સંદેશની પરિતૃપ્તિ સાથે સૌ પાછા દૈનિક વ્યવહારની દુનિયામાં સૌની ફરજો બજાવવા કૃતનિશ્ચયી બન્યા.

પૂ. માના શબ્દોમાં, "જેવી ભાવના અને ભાવ તેવો તે મૂર્તિનો ઘાટ અને આકાર," જેવી જેની શ્રદ્ધા અને ભક્તિ તેટલા તે મૂર્તિમાં પ્રાણ અને તેટલું જ તેનું મૂલ્ય.

પૂ. મા આપણા સૌનાં શિલ્પી, તેમના શિલ્પને સુંદર બનાવવાના અવિરત પ્રયત્નોને પ્રણામ. પૂ. માની ધીરજને વંદન. હરિ: ૐ

□



## * નાનો દીવો *

નાનો દીવો નાના ઘરને, કેવો તેજ ધરે!
જુઓ જરી આ, મૂંગે મોઢે સેવા શાંત કરે. નાનો દીવો૦ ૧
નથી સૂર્યના જેવી શક્તિ, તો પણ ભારે એની ભક્તિ,
ચંદ્ર તથા તારલિયાથી યે મોંઘો આજ ઠરે,
અમાસની અંધારી રાતે, ઘરમાં તેજ ભરે. નાનો દીવો૦ ૨
યશ ના કોઈ આપે એને, સન્માને ના મીઠા વેણે,
તો પણ પરવા કરે ન એની એ અંધાર હરે,
અમાસની અંધારી રાતે, ઘરમાં તેજ ભરે. નાનો દીવો૦ ૩
શાંત થશે સેવા કરતાં એ, બૂઝાશે કોઈ હાથે કે,
એવી રીતે જીવન જો આ, ક્યાંયે તેજ ધરે,
ધન્ય થાય તો કોઈને જો એથી પ્રાણ મળે. નાનો દીવો૦ ૪

—યોગેશ્વરજી

### સુવાક્ય

કદી એવું ના માનો કે પરમાત્માની પ્રાપ્તિ એ અમુક માણસોનો ઈજારો છે. એવું નથી. સ્વાનુભૂતિનો મંગલ માર્ગ સહુને માટે ઊઘાડો છે. જરૂર છે તે દિશામાં પુરુષાર્થ કરવાની. યોગેશ્વરજી

* પરફેક્ટ એન્ટરપ્રાઈઝ *
મરચન્ટ, એક્સપોર્ટ્સ, ઈમ્પોટર્સ
એન્ડ જનરલ A to Z સપ્લાયર્સ
૪૨, જય શ્રી ખોડિયાર કો—ઓપરેટીવ શોપિંગ સેન્ટર
રજપૂતપરા મેઈન રોડ, રાજકોટ.
ફોન નં. ઓ. : ૨૨૫૪૭૮ ઘર : ૪૫૫૫૧૪

## * આ મારું મન ! *

આ મારું મન—
જાણે કે—
પ્રાક્કાલીન વન :
હે વ્રજના વિહારી !
વૃંદાવન કરોને.
આ મારું મન—
જાણે કે—
સહરા કેરું રણ :
કર્ષણરૂપ હે કૃષ્ણ !
પ્રભુ—કણ બોઓને.
આ મારું મન—
જાણે કે—
ઢણકતું ધણ :
હે ગોપાલ !
ગોકુલમાં હેરોને.
આ મારું મન—
જાણે કે—
ચંચલતમ ક્ષણ
હે કાલોઽસ્મિ સાક્ષાત્ !
અનંતમાં ઢાળોને.

— ડૉ. રણજિત પટેલ (અનામી)



## * સત્યપથને આંગણે *

"આ દિવસ ચાલ્યા જશે," ભક્તિને ફળ આવશે,
કૃપા યોગેશ્વર થકી, આનંદ મંગળ થઈ જશે.

સાધના સુંદર હતી, યોગેશ્વર જીવન તણી,
જગ કાજ જીવીને ગયા, દિવ્ય જ્યોતિ થઈ જશે.

ધ્રુવતારક સમ હતી, જિંદગી એ સંતની,
જ્યોતિર્મયી પ્રેરક બની, પ્રેરણા એ દઈ જશે.

જગસાગરે નૌકા ઘણી, માનવી જીવન તણી,
આથડે છે અહીં તહીં, ત્યાં દૂઆ એ દઈ જશે.

એ દૂઆ છે સંપત્તિ, સાધનામાં કૈ ઘણી,
દુઃખ વાદળાં ચાલ્યા જશે, ને ઈશ ઝંખી થઈ જશે.

પ્રભુ યોગેશ્વરની ઘણી, આશીષ ત્યાં વરસી જશે,
ત્યાં 'સત્યપથ'ની સાધના, ખચિત સફળતા આપશે.

સર્વેશ્વરી મા સાથ છે, આશા શ્રદ્ધા સાથ છે,
જિંદગી મંગળ થશે, ખચિત ઈશ દર્શન થશે.

પ્રભુતણો સંગાથ છે, ૐ શાંતિ વિરાજશે,
જીવન મંગળ થઈ જશે, સર્વ મંગળ થઈ જશે.

— ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

પોલ બ્રન્ટનની

# માસ્ટર મહાશય સાથેની મુલાકાત

મૂળ લેખક : પોલ બ્રન્ટન
અનુવાદક : યોગેશ્વર

(ગતાંકના પૃષ્ઠ ૨૯ થી આગળ)

માસ્ટર મહાશય પોતાનું લાંબું વક્તવ્ય પૂરું કરીને શાંતિમાં ડૂબી ગયા. એમના મુખ તરફ મેં ફરીથી જોયું તો એ મુખ પરના બિનહિંદુ રૂપરંગથી મને નવાઇ લાગી. મારું મન એશિયા માઇનારના નાનકડા રાજ્યમાં જઇ પહોંચ્યું. જ્યાં ઇઝરાયલનાં સંતાનો એમની મુસીબતોમાંથી કામચલાઉ છૂટકારો મેળવતાં. એમની વચ્ચે રહીને એમને ઉપદેશ આપતા આદરણીય પયગંબર-રૂપે માસ્ટર મહાશયનું રેખાચિત્ર મારી સામે ઊભું રહ્યું. એ કેટલા બધા ઉદાત્ત અને મોભાદાર દેખાય છે! એમની ભલાઇ, પ્રામાણિકતા, શીલવૃત્તિ, પવિત્રતા અને નિખાલસતા પારદર્શક છે. પોતાના આત્માના અવાજને અનુસરીને લાંબા કાળ સુધી જીવનારા માણસમાં જે આત્મગૌરવ હોય તે એમનામાં જોવા મળે છે.

'મને વિચાર થાય છે કે કેવળ વિશ્વાસના આધાર પર ન જીવી શકનારા પરંતુ બુદ્ધિ અને તર્કને તૃપ્ત કરવાની ઇચ્છાવાળા માણસને રામકૃષ્ણે શું કહ્યું હોત?'

'એમણે એને પ્રાર્થના કરવા કહ્યું હોત. પ્રાર્થનાની શક્તિ ઘણી પ્રબળ છે. રામકૃષ્ણે પોતે પણ ધાર્મિક સંસ્કારવાળા આત્માઓને મોકલી આપવા માટે ઈશ્વરને પ્રાર્થના કરેલી, અને પછી તરત જ પાછળથી એમના ભક્તો કે શિષ્યો થનાર આત્માઓ આવવા માંડયા.'



'પરંતુ કોઇએ પ્રાર્થના કરી જ ન હોય તો?'

'પ્રાર્થનાનો ઉપાય છેલ્લો છે. માણસને માટે છેવટનો રસ્તો એ જ રહે છે. બુદ્ધિ જ્યાં નિષ્ફળ જાય છે કે નાસીપાસ થાય છે ત્યાં પ્રાર્થના મદદ કરે છે.'

'છતાં કોઇ તમારી પાસે આવીને કહે કે એની પ્રકૃતિને પ્રાર્થના નથી ફાવતી, તો તમે તેને શી સલાહ આપશો?' મેં નમ્રતાપૂર્વક કહેવાનું ચાલુ રાખ્યું.

'તો પછી તે આત્મિક અનુભવની પ્રાપ્તિ કરી ચૂકેલા સાચા સંતોનો વારંવાર સમાગમ કરે. એમનો સતત સમાગમ એની સુષુપ્ત આત્મિક શક્તિને જગાડવામાં મદદરૂપ થશે. ઉચ્ચકોટિના પુરુષો આપણા મનને અને આપણી ઇચ્છાઓને દૈવીહેતુ તરફ વાળી દે છે. તે ઉપરાંત, આત્મિક જીવનની ઉત્કટ ઇચ્છાને ઉત્તેજે છે પણ ખરા. એટલા માટે એવા પુરુષોનો સંગ પહેલા પગથિયા તરીકે, અને રામકૃષ્ણ પોતે કહેતા તેમ ઘણી વાર છેલ્લા પગથિયા તરીકે પણ, ઘણો અગત્યનો છે.

એવી રીતે અમે ઉત્તમ ને પવિત્ર વિષયોની ને શિવસ્વરૂપ ઈશ્વર વિના માણસને બીજી રીતે શાંતિ ન મળી શકે તેની વાતો કરી. એ આખીયે સાંજ દરમિયાન જુદા જુદા મુલાકાતીઓ આવ્યા કર્યા. આખરે આખોય નાનો ઓરડો માસ્ટર મહાશયના ભક્તોથી ભરાઇ ગયો. રાતે પણ એ આવવા માંડયા ને એમના ગુરુનો પ્રત્યેક શબ્દ સાંભળવા માટે ચાર માળના એ મકાનનો દાદરો ચડતા રહ્યા.

થોડા વખત સુધી તો મેં પણ એમની સાથે જોડાવા માંડયું. માસ્ટર મહાશયના પવિત્ર વચનો સાંભળવાની ઇચ્છા કરતાં વધારે તો એમની હાજરીમાં ફેલાતા આત્મિક ઓજસમાં સ્નાન કરવાની

ઇચ્છાથી પ્રેરાઈને હું પણ ત્યાં પ્રત્યેક રાતે જવા લાગ્યો. એમની આજુબાજુનું વાતાવરણ શાંત અને સુંદર તથા સરળ અને સ્નેહમય હતું. એમ લાગતું હતું કે એમને કોઈક અંદરની ધન્યતા મળી ચૂકી છે અને એનો પ્રકાશ સ્પષ્ટ છે. એમના શબ્દોને હું કેટલીય વાર ભૂલી જતો, પરંતુ એમનું કૃપાપૂર્ણ વ્યક્તિત્વ મારાથી ભૂલી ન શકાતું. એમને જે વસ્તુ વારંવાર રામકૃષ્ણ પાસે ખેંચી જતી તે મને એમની પાસે ખેંચી જવા માંડી, અને મને સમજાવા લાગ્યું કે શિષ્ય જ્યારે મારા પર આટલું આકર્ષણ જમાવે છે ત્યારે ગુરુનો પ્રભાવ કેટલો બધો પ્રબળ હશે!

છેલ્લી સાંજે કોચ પર એમની બાજુમાં સુખપૂર્વક બેઠો ત્યારે વખત ક્યાં વીતી ગયો તેની ખબર ન પડી. કલાક પસાર થતો રહ્યો. અમારી વાતચીત દરમિયાન મૂંગા રહેવાનો શાંત સમય ન મળ્યો, છતાં એ લાંબે વખતે આવી પહોંચ્યો. એ પછી એ સદ્‌ગુરુ મારો હાથ પકડીને મને એમના મકાનના અગાસી જેવા છાપરા પર લઈ ગયા. ત્યાં સુંદર ચાંદનીમાં કૂંડાં તથા ઘડાઓમાં ઊગેલા મોટા છોડવાઓની ગોળાકાર ગોઠવણી મારી નજરે પડી. નીચે દૃષ્ટિપાત કરતાં કલકત્તાનાં મકાનોની હજારો બત્તીઓનો પ્રકાશ દેખાવા લાગ્યો.

ચંદ્ર પૂરેપૂરો ખીલી ઊઠયો હતો. માસ્ટર મહાશયે એની તરફ સંકેત કર્યો અને થોડા વખત સુધી શાંત પ્રાર્થનામાં મન પરોવ્યું. એમની પ્રાર્થનાની પૂર્ણાહુતિ સુધી હું એમની બાજુએ ધીરજપૂર્વક ઊભો રહ્યો. એમણે મારી તરફ ફરીને એમનો આશીર્વાદ આપતો હાથ ઊંચો કર્યો અને ધીમેથી મારા મસ્તક પર મૂક્યો.

જો કે હું ધાર્મિક નહોતો તોપણ એ દેવદૂત જેવા પુરુષને નમ્રતાપૂર્વક નમી પડયો. સતત શાંતિની કેટલીક વધારે પળો



પસાર થયા પછી એ મૃદુ સ્વરે બોલ્યા :

'મારું જીવનકાર્ય હવે લગભગ પૂરું થયું છે. ઈશ્વરે આ શરીરને જે કામ કરવા અહીં મોકલેલું તે કામ તેણે મોટે ભાગે પૂરું કર્યું છે. હું વિદાય થાઉં તે પહેલાં મારા આશીર્વાદનો સ્વીકાર કરો.'

(મારે કહેવું જોઈએ કે એ પછી થોડાક વખતમાં જ મને એમના મૃત્યુની માહિતી મળી.)

એમણે મારા અંતરને વિચિત્ર રીતે હલાવી નાંખ્યું. ઊંઘવાનો વિચાર છોડી દઈને મેં કેટલીય શેરીઓમાં ફરવા માંડયું. છેવટે જ્યારે હું એક મોટી મસ્જિદ પાસે પહોંચ્યો અને મધ્યરાત્રીની નીરવતામાં નીકળતો 'ઈશ્વર સૌથી શ્રેષ્ઠ છે' નો ગંભીર ધ્વનિ મારે કાને પડયો, ત્યારે મને વિચાર થયો કે જેને હું વળગી રહ્યો છું તે બૌદ્ધિક સંશયવાદમાંથી મુક્ત કરીને જો કોઈ મને સરળ શ્રદ્ધાવાળા જીવન પર લગાડી શકે તેમ હોય તો તે માસ્ટર મહાશય જ છે એમાં શંકા નથી.

---

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭

ફોન : ૬૬૮૨૩૧

રોમન તત્ત્વજ્ઞાની સમ્રાટ માર્ક્સ ઓરેલિયસનું

# આત્મચિંતન

અનુવાદક : પં. દેવકૃષ્ણ શાસ્ત્રી

૧

આ સંસારમાં વસેલા અસંખ્ય જીવોનો તથા દેખાતી અનેક નિર્જીવ વસ્તુઓનો પણ એકબીજાની સાથે કાંઇ ને કાંઇ સંબંધ હોય જ છે. એ બધાંથી આપણી જાતને અલગ રાખવાનો પ્રયત્ન કરવો, એ તો શરીર પર થયેલા ગૂમડા જેવું અસહ્ય છે. ગૂમડું શરીરની સાથે રહેવા છતાં શરીરનાં કાર્યોમાં સહકાર ન દેતાં એને પીડવામાં જ કારણરૂપ બને છે. આપણે આપણને બીજા જીવો કરતાં અલગ અથવા ઊંચી કોટિના માનીએ એ આત્મદ્રોહ છે. આપણાં પોતાનાં દુઃખથી દુઃખી થવું એ પણ એક પ્રકારે પોતાને બીજાઓથી અલગ સમજવા જેવું અને જે પરમ શક્તિ આખા વિશ્વનું સંચાલન કરે છે એની સામે બળવો કરવા જેવું છે.

કોઇનો દ્વેષ કરવો કે કોઇ ઉપર ક્રોધ કરવો એ પણ અન્યાય છે. સુખ અને દુઃખને સમાનરૂપે ન જોવું, નકામા વિચારો કરવા અને કોઇ પણ પ્રકારના સિદ્ધાંત વિનાનું જીવન વિતાવવું એ આત્મદ્રોહ છે. જેમ રાજાની આજ્ઞા આપણે સૌ માનીએ છીએ, એના કાયદાઓ પાળીએ છીએ, એવી જ રીતે દરેક વિવેકી માણસ માટે આ સંસારના ઈશ્વરીય ન્યાયનું પૂરેપૂરું પાલન કરવું એ બહુ જ જરૂરી છે. એ ન્યાય દુનિયાની મોટામાં મોટી રાજ-નીતિથી પણ શ્રેષ્ઠ છે. એનું પાલન ન કરવાથી માણસ ઈશ્વરીય ન્યાયનો વિદ્રોહી અને આત્મદ્રોહી પણ બની જાય છે.



૨

માણસનું આયુષ વીતતું જાય છે. જીવન નદીના પ્રવાહ જેવું છે. મનને આકર્ષિત કરનારી બધી વસ્તુઓ અસ્થિર છે. માણસના વિચાર અને ભાવ પણ ઘણું કરીને અસ્પષ્ટ જ હોય છે. શરીર નિત્ય અને નાશવંત પદાર્થોથી બનેલું છે. ભવિષ્યને પણ આપણે સમજી શકતા નથી. જીવનને એક સતત સંગ્રામ અથવા યાત્રા કહી શકાય એમ છે. માત્ર જ્ઞાનથી જ માણસ અંધકારને પાર કરી શકે છે. આધ્યાત્મિક જ્ઞાન જ સાચું જ્ઞાન છે. આત્માને વિશુદ્ધ અને રાગદ્વેષથી અલગ રાખવો એ જ્ઞાન છે. નકામી અને અનિષ્ટ કરનારી ચેષ્ટાઓથી અને છળકપટથી દૂર રહેવું એ જ્ઞાન છે. કોઇ મારા માટે આ કામ કરે, આ ન કરે, એવી આશાઓ ન રાખવી એ જ્ઞાન છે. કોઇ પણ સ્થિતિમાં સ્થિતપ્રજ્ઞ રહેવું એ જ્ઞાન છે. સુખદુઃખથી ચલિત થયા સિવાય પ્રયાણકાળ સુધી ચિત્તને શાંત રાખવું એ જ્ઞાન છે.

મૃત્યુ કઇ વસ્તુ છે? આ શરીર પંચભૂતોનું બનેલું છે. એ પાંચ ભૂતો જુદાં પડે એને મૃત્યુ કહે છે. પંચભૂતોનું ઐક્ય, પરિવર્તન અને હ્રાસ સ્વાભાવિક અને અનિવાર્ય છે. એથી કાંઇ નુકસાન થઇ શકતું નથી.

પોતાનાં કર્તવ્યોને ટાળો મા. આત્મશુદ્ધિના પ્રયત્નોમાં ઢીલ ન કરો. દિવસો એક પછી એક વીતતા જાય છે. જે છેલ્લા દિવસો બાકી રહ્યા છે એમાં તમારી બુદ્ધિની કેવી સ્થિતિ થશે એ કોઇ કહી શકે નહીં. શારીરિક શક્તિ, વિષયવાસનાઓ જીવનના અંત સુધી ટકી રહી શકે, પણ વિવેક અને જ્ઞાન ટકી રહેશે કે નહીં એ કોણ કહી શકે? ઘડપણમાં બુદ્ધિ પૂરું કામ કરી શકતી નથી. શરીર ટકી રહ્યું હોય તોપણ માણસની બુદ્ધિ ભ્રષ્ટ થઇ જાય છે. આથી આધ્યાત્મિક જ્ઞાનની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવામાં ઢીલ ન કરો.

પ્રકૃતિનું સૌંદર્ય નિહાળો અને એનો અનુભવ કરો. એમાં અનેક ત્રુટિઓ છે છતાં એનું સૌંદર્ય ઊંચી કોટિનું છે. સારી રીતે શેકેલી રોટલી ઉપર કાંઇક કાંઇક બારીક કાળાં નિશાન જરૂર હશે જ. ત્યારે જ એ પાકેલી કહેવાય અને એની મીઠાશ પણ એમાં જ છે, ખાવા જેવું પાકેલું ફળ ઉપર ઉપરથી ખરબચડું હોય તોપણ માત્ર એટલા માટે આપણે તેનો ત્યાગ કરતા નથી. નમી પડતાં અનાજનાં ડૂંડાં તથા જાનવરોનાં મોઢાં અને દાંત પણ સુંદર હોય છે. કદાચ એ સ્થાનભ્રષ્ટ થતાં સુંદર ન પણ લાગે; પરંતુ પોતપોતાના શરીરની સાથે હોય ત્યારે એ જરૂર સુંદર દેખાય છે. પ્રકૃતિના સૌંદર્યનો અનુભવ કરવાની જેને પૂરી આવડત છે એ કોઇ પણ વસ્તુમાં કુરૂપતા જોતો નથી. શિલ્પીએ કોતરેલાં પ્રાણીઓનાં રૂપ જોઇને આપણે ખુશ થઇએ છીએ. ખરી રીતે સિંહ, રીંછ, કૂતરો, સૂવર વગેરે પ્રાણીઓની પ્રકૃતિમાં પણ સૌંદર્ય છે. જે પ્રાકૃતિક સૌંદર્યને પારખે છે, એ વૃદ્ધ નર–નારીઓમાં પણ સૌંદર્ય જુએ છે. યુવાવસ્થાના રૂપની પણ એ નિષ્કલંક ભાવથી પ્રશંસા કરે છે. એની દૃષ્ટિ જ નિર્મળ હોય છે. એવા જ્ઞાનીને બીજી કેટલીય વાતોની સમજણ પડે છે, જે બીજાં માણસો સમજી શકતા ન હોય.

૩

તમારી યાત્રા પૂરી થઇ. નાવમાંથી હવે તમે ઊતરશો. કિનારા પર આવો. ગભરાઓ નહીં. પરલોક પણ ભગવાનને આધીન છે. એના ઉપર કદાચ તમને શ્રદ્ધા ન હોય તોપણ નિશ્ચિંત રહો. કંઇ નહીં તોય આ શરીરની ચિંતાથી તો મુક્ત થઇ જશો. આત્મા નિત્ય વસ્તુ છે, તેજોમય છે. શરીર સડીને બગડી જનારું છે. આથી આ તુચ્છ શરીરના ફંદામાંથી આત્મા છૂટકારો મેળવે એ સારું જ છે.



૪

મનમાંથી ખરાબ વિચારોને હડસેલી મૂકો. કદાચ તમને કોઇ પૂછે કે અત્યારે શો વિચાર કરો છો, તો સાચેસાચો જવાબ આપી શકો એવી સ્થિતિમાં રહો. બીજાઓને કહેવામાં સંકોચ થાય એવા વિચારોને મનમાં આવવા જ ન દો. તમારા બધા વિચારો બીજાને લાભદાયક, પવિત્ર અને નિઃસ્વાર્થ હોવા જોઇએ. ઇચ્છા, દ્વેષ, ઈર્ષ્યા, કામ વગેરે ખરાબ ભાવનાઓને મનમાં સ્થાન ન દો.

જે માણસ મનને વશ રાખે છે, જે શુદ્ધ વિચાર કરે છે, એ જ ભગવાનનો સાચો ભક્ત છે. આત્મા તો પરમાત્માનો અંશ છે. સાચો ભક્ત આત્માને સુખદુઃખની અસર થવા દેતો નથી. રાગ–દ્વેષ, કામ–ક્રોધ વગેરેની સાથે લડીને એ હંમેશાં એના ઉપર વિજય મેળવતો રહેશે. એ નિષ્કામ કર્મ કરતો રહેશે, બીજાનું હિત કરવું એ જ પોતાનું કર્તવ્ય છે–ધર્મ છે એમ સમજશે. જેઓનું આચરણ ધર્મથી વિરુદ્ધ ન હોય એવા માણસોને જ એ વખાણશે. જે ભગવાનનો સાચો ભક્ત છે એ દુરાચારી અને સ્વાર્થી માણસોથી દૂર રહેશે. એ પોતાના વિચાર અને વર્તન એવાં રાખશે કે જેથી વિશ્વરૂપી પરમાત્માને સારી રીતે ઓળખનારા અને એ જગન્નિયંતાના નિયમોનું પાલન કરનારા જ્ઞાનીજનો સંતુષ્ટ રહે.

(ક્રમશઃ)

# પૂ. શ્રી શ્રી ઇંદિરાદેવીના બીજાં દર્શને

જ્યોત્સ્ના ભરતકુમાર ત્રિવેદી

દેવપોઢી એકાદશીના રોજ પંઢરપુર યાત્રાના દિવસે પ્રથમવાર પૂના યાત્રામાં શ્રી ઇંદિરાદેવીના દર્શને પૂના જવાનું થયેલું. એ યાત્રા ખૂબ સરસ રહી, જ્યાં મા–પ્રભુ સંગે હોય ત્યાં અરસતાનો પ્રશ્ન જ ક્યાંથી હોય? એ દર્શન અને મુલાકાત દરમ્યાન શ્રી ઇંદિરાદેવીએ એક દિવસ રોકાઇ જવાનો ખૂબ આગ્રહ કરેલો, પણ સંજોગો અનુકૂળ ન હતા. એટલે એમણે "ફિર જરૂર આના" એવું ખૂબ ભાવપૂર્ણ અને ભારપૂર્વકનું આમંત્રણ આપેલું. અમે મનમાં કહ્યું, "જૈસી માકી મરજી". ઈશ્વરદર્શી સંતોના મુખેથી જે જરૂરી હોય અને જે ઘટના બનવાની હોય તે જ શબ્દો બોલાય છે, એવું આપણાં શ્રી શ્રી મા સર્વેશ્વરીદેવીના સહવાસમાં અમે અનેકવાર અનુભવ્યું છે. એટલે એમના એ શબ્દો ક્યારેક જરૂર સાચા પડશે તેવો વિશ્વાસ હતો. પણ માત્ર બે માસમાં જ તે શબ્દો સાચા પડશે તેવી કલ્પના ન હતી.

તા. ૭ ઓક્ટોબરે (સને ૧૯૯૬) બપોરે ૧૨–30 ની દાદર-થી ઊપડતી બસમાં પૂના ગયાં. ભાદરવા મહિનાના ઓતરા ચિતરાના તાપ હતા. પણ પ્રભુએ જ લાજ રાખી. સૂરજદેવ વાદળોની છાયામાં ખૂબ ધીરા તપ્યા.

આ વખતે ગયા વખતની જેમ કુદરતી વૈભવ અષાઢ જેવો સમૃદ્ધ નહોતો. પણ વનસ્પતિએ પરિતૃપ્તિનો લીલો રંગ ધારણ કરેલો હતો. ભારતીબહેન પણ શ્રી શ્રી મા સર્વેશ્વરીનાં અનન્ય



ભક્ત. પછી આપણે તો જોઇએ શું? સત્સંગ, જપ, પાઠ કરતાં કરતાં અમારી પૂના યાત્રા ચાલી. સતત સ્મરણથી મન આનંદમાં હતું. શ્રી શ્રી મા જાણે સહપ્રવાસી હોય તેવું અનુભવાતું હતું.

રસ્તામાં લોણાવાલા બસ સ્ટેશન આવ્યું. એસ. ટી. સ્ટેન્ડ પરનાં સુલભ શૌચાલય એટલાં સ્વચ્છ હતાં કે ગયે વખતે મેં કહેલું કે જે લોકો આની સ્વચ્છતા જાળવવા જ વ્યવસ્થા સંભાળે છે તેને તેની કદરરૂપે કંઇક આપવું તે સત્કર્મ. શ્રી શ્રી માએ મારા દ્વારા તે કરાવ્યું અને તે ભાઇને મેં સફાઇ કામદારો માટે ૧૦૦ રૂ. આપ્યા. તેના આનંદનો કંઇ પાર નહોતો. તે ઉપકારવશતાની લાગણી ન અનુભવે તે માટે તમે સહુ વહેંચી લેજો કહી હું નીકળી ગઇ. પણ આ કાર્યથી શ્રી શ્રી મા સર્વેશ્વરી જરૂર પ્રસન્ન થશે તે વાત મને પણ આનંદ આપતી હતી.

યાત્રા પૂનાની ચાલતી હતી, પણ મન મા પાસે અમેરિકામાં હતું. આપણા જીવનમાં મા કેવાં વણાઇ ગયાં છે કે આપણે જ્યારે તેમને યાદ ન કરીએ ત્યારે ઝબકી જવાય. આપણો અને એમનો કેવો સહજ સહવાસ! ખૂબ આનંદ થાય.

શ્રી શ્રી ઇંદિરાદેવીના પૂનાના આશ્રમમાં રહેવાની વ્યવસ્થા નથી. પૂનામાં રહેવું ક્યાં? અલબત્ત હોટલો, ગેસ્ટહાઉસો હોય જ, છતાં ઘરવાળાને બહુ રુચે નહીં. એટલે કૌમુદીબહેનનાં બાએ ગયા પ્રવાસમાં જેમનો વાર્તાલાપથી તો ખૂબ પરિચય આપેલો તેવા કૌમુદીબહેનના ફોઇજીના દીકરા રજનીભાઇ ભટ્ટ અને તેમનાં પત્ની જ્યોતિબહેને માત્ર અમને દર્શનની પરવાનગી જ ન લઇ આપી, પણ પોતાને ત્યાં ઉતરવાની અને રહેવાની પણ વ્યવસ્થા કરી આપી! ફોન પર જ તેમના ઉમદા સ્વભાવનો પરિચય મળી ગયેલો. એટલે ૫૦ ટકા તો રાહત હતી જ.

છતાં પરસ્પરની જરાપણ ઓળખાણ નહીં, ક્યારેય એક-બીજાને જોયેલાં નહીં, એટલે મન થોડો ક્ષોભ અનુભવતું હતું. પણ પહોંચતાંની સાથે જ જ્યોતિબહેનનો ઉષ્માભર્યો આવકાર અને પ્રેમમય વ્યવહારે ખૂબ શાંતિ, આનંદ અને હૂંફ આપ્યાં. સત્સંગીનું ઘર હોવાથી ઘરમાં પ્રવેશતાની સાથે એક એવી શાંતિ લાગી કે શબ્દોથી તેનું વર્ણન કરવું ખૂબ મુશ્કેલ છે. પ્રવાસમાંથી આવેલા મહેમાનોના આવતાં પહેલાં જ બીજી બધી તૈયારી તો ખરી જ, પણ નહાવાનું પાણી પણ ગરમ કરી રાખે તેવા યજમાનો કેટલા? અમને સર્વ પ્રકારની સુવિધા આપી તેમણે પણ અમારી સાથે પૂ. ઇંદિરાદેવીના દર્શને આવવાની તૈયારી બતાવી. ચુસ્ત સ્વામિનારાયણ સંપ્રદાય પરિવારમાં આ વાત સાંભળી મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. એ પણ આપણાં મા–પ્રભુએ ઉપદેશેલી વિચારસરણીમા માનતાં હતાં, "સારું એટલું મારું." મને ખૂબ આનંદ થયો. કટ્ટરતા કોઇ પણ પ્રકારની હોય તે ક્યાંય આવકાર-દાયક નથી જ નથી. એટલે સહજ અને સમજપૂર્વકના ધર્મનું પાલન જોઇ મને ખૂબ આનંદ થયો.

પૂ. ઇંદિરાદેવીનું નિવાસસ્થાન હરેકૃષ્ણ આશ્રમ અને તે રોડ હરેકૃષ્ણ રોડ તરીકે ઓળખાય છે. એકવાર તેની મુલાકાત શ્રી કપિલા માસી જેવા ૧૭ વર્ષના ભોમિયા સાથે લીધી હોવાથી તેની સામાન્ય રીતભાતથી આ વખતે પરિચિત હતાં, ત્યાં ગયાં. મંદિર ખૂલ્યું તે સમયે શ્રી દીલિપકુમાર રોયની સમાધિને પગે લાગ્યાં. મારાથી સહજ તેમના સમર્થ ગુરુ પૂ. શ્રી અરવિંદ ઘોષનું સ્મરણ થઇ ગયું. તે મહર્ષિએ પૉંડિચેરીમાં તેમની સમાધિમાં તેમની હાજરીની અનુભૂતિ કરાવી હતી. મારાથી સહજ પ્રાર્થના થઇ ગઇ, "આપ એ સમર્થ ગુરુના સમર્થ શિષ્ય છો આપ મને યોગ્ય



સમજતા હોવ તો હે દાદાજી! આપ પણ મારી ઝોળીમાં કંઇક ભરી આપો." એ મહાપુરુષે મારી પ્રાર્થના સાંભળી. ખૂબ સુંદર આંદોલનો પકડાવા લાગ્યાં. પછી મંદિરના સંકીર્તનમાં બેઠાં આંદોલનોએ ખૂબ જોર પકડયું. શ્રી માની ઉપસ્થિતિમાં ઘણીવાર લાગે છે તેમ શરીર ખૂબ હળવું લાગવા માંડયું. ત્યાં ગયે વખતે હતી તેવી જ પ્રાર્થના હતી. પણ તેમાં એક ભાઇએ બોલાવેલી 'બોલ હરિ, બોલ હરિ'ની ધૂન ખૂબ સરસ હતી અને એટલે જ એ અવિસ્મરણીય જેવી બની ગઇ.!

તીવ્ર આંદોલનોને કારણે શરીર ડોલવા લાગ્યું. મને ખૂબ સંકોચ થતો હતો, પણ એમાં જાણે આપણા હાથમાં કોઇ સંયમ ન હોય તેવું લાગતું હતું. પણ ખૂબ આનંદ આવતો હતો. મનમાં વિશિષ્ટ પ્રકારની શ્રી શ્રી મા સર્વેશ્વરીના દર્શનની પ્રાર્થના ચાલતી હતી. સાથે સાથે પૂ. શ્રી ઇંદિરાદેવીના દર્શન પણ મળે તેવી પ્રાર્થના ચાલતી હતી. તેમનું સ્વાસ્થ્ય આજે પણ સારું ન હતું. પહેલાથી મુલાકાતનો સમય લીધેલો હતો છતાં એક અનિશ્ચિતતા પ્રવર્તતી હતી.

સાડાસાત વાગે શ્રી વાઘજીભાઇ બોલાવવા આવ્યા. આ સમય દરમ્યાન લાઇટ ચાલી ગયેલી હતી. એકાદ કલાક જેવો સમય થઇ ગયેલો પણ મને તો કંઇ જ ખબર નહોતી.

શ્રી ઇંદિરાદેવી આજે તેમના નિયત ધ્યાનના કમરામાં ખુરશીપર બિરાજેલાં હતાં. પીળા સોનેરી રંગની સાડીમાં અલંકારોથી વિશિષ્ટ રીતે વિભૂષિત ખૂબ ગૌર અને સુંદર લાગતાં હતાં. ભાલપ્રદેશમાં ચંદનનું તિલક તેમના સાધુત્વ અને તેજસ્વીતામાં અનેક ઘણો વધારો કરતું હતું.

"જયગુરુ, જયગુરુ, જયગુરુના પ્રેમભર્યા સાદથી તેમણે

સ્વાગત કર્યું, અને લાઇટ વગર અમારે બેસવું પડયું, તેની ક્ષમા માગી. બધા જ સંતપુરુષો અને ઈશ્વરદર્શી સંતોમાં વિનમ્રતા જાણે અંગ ધરીને આવી જતી હોય તેવું દર્શન થયા વિના નથી રહેતું. ક્યાંથી આવ્યાં? કેમ છો? મેં પાછું હમણાં સત્સંગ પુસ્તક વાંચેલું, એટલે એ વાતનો ઉલ્લેખ કર્યો કે આપનાં માતા પિતા અમારા ગુરુ પાસે મસૂરીમાં સત્સંગમાં જતાં હતાં. તેમણે કહ્યું, "મારા તો દાદાજી જ માતા પિતા હતા."

એક ભાઇ તળેગાંવથી આવેલા. ત્યાં ઇંદ્રયાણી નદી છે. તેની વાત કરતા હતા. હું અને દાદાજી પણ ત્યાં ગયાં હતાં એ વાત એવી રીતે કરતા હતા જાણે ગઇ કાલે જ ન બની હોય! સંતોને તો જાણે ભૂત, ભવિષ્ય હોતું જ નથી. સર્વ વર્તમાન ત્યાં બીજા એક ભાઇની દીકરીને તકલીફ હતી. મા તેમને ડોક્ટરની ભલામણ કરતાં હતાં અને સાથે સાથે પોતાના મદદનીશ ભાઇને પણ પૂ. માએ આ દર્દીની ભલામણ કરી છે, તેવું કહ્યું : બીજા દિવસે સાડા સાત વાગે દર્શન કરવા આવજો. એવું કહી પૂ. માએ આશી-ર્વાદ આપ્યા. માથાપર ખૂબ પ્રેમથી હાથ ફેરવ્યો. એ સ્પર્શ ખૂબ વાર સુધી અનુભવાયા કરતો હતો. આજ અને આવતી કાલની વચ્ચે ૨૪ કલાકનો સમય હતો જે પસાર કરવો પણ થોડો મુશ્કેલ હતો. પણ જાહેર જીવન જીવનારને અંગત મુશ્કેલીઓ કેવી હોય છે તેની આપણને પૂ. મા પ્રભુ સાથે રહ્યા પછી જાણ છે જ.

નીકળતાં નીકળતાં પૂછ્યું કયાં કયાં પુસ્તકો વાંચ્યાં છે? મેં કહ્યું "અનંતના યાત્રીઓ, ચમત્કારો આજે પણ બને છે." બંસી આજે પણ બજે છે. એમણે કહ્યું દાદાજી સાથેના ચાલીસ વર્ષના સંસ્મરણ મેં "સુમિરન સુમન"માં લખ્યાં છે. અમે એ ખરીદવા-



ની તૈયારી બતાવી અને ભારતીબહેને કેસેટનો સેટ અને અમે બંને એ પુસ્તક ખરીદ્યાં. ફરીથી તેમણે આશીષ આપી. અમે એમના ચરણે અમારી પુષ્પ પાંખડી સમર્પિત કરી આશીષ લઇ વિદાય લીધી.

અજાણ્યા શહેરમાં અજાણ્યા પરિવારમાં શ્રી શ્રી મા આપણી કેવી સંભાળ રાખે છે તે યાદ કરીને વારે વારે આંખ ભીની થઇ જતી હતી. **धन्यो गृहस्थाश्रमः** કહી શકાય તેવું સુંદર શ્રી રજની-ભાઇ અને જ્યોતિબહેનનું દાંપત્યજીવન જોઇ, મારા પૂ. કાકા અને જીજી ખૂબ યાદ આવ્યાં. સત્સંગની અનેક વાતો કરી રાત્રે ૧૧–૧૫ સૂઇ ગયાં. પરિવારમાં માતા પિતા અને પુત્રી. બે પુત્રીઓ પરણાવી દીધેલી, અને એક પુત્રી રૂપલ અહીં હતી. ખૂબ શાંત સંસ્કારી સુશિક્ષિત અને કલાપ્રિય મીતભાષી પણ ખૂબ. સુંદર વ્યક્તિત્વ અને આગવા ઉછેરની તેની છાપ અમારા પર મૂકી ગઇ.

બીજા દિવસે આખા દિવસનો સમય હોવાથી આણંદી જવું અથવા મંગળવાર હોવાથી પૂનાના કોઇ ગણેશના દર્શન કરવાં એવું હું અને ભારતીબહેન વિચારતાં હતાં. શ્રી જ્યોતિબહેને કહ્યું "જવું હોય તો જાવ, પણ મારાં પૂ. બા અને ભાઇ પણ મળવા જેવી વ્યક્તિઓ છે આપણે આપણા વિષે કંઇક વિચારતાં હોઇએ, પણ પૂ. મા પ્રભુની યોજના કંઇક જુદી જ હોય અને જે હૃદયમાં જ જીવંત દેવમંદિરો હોય તેવી વ્યક્તિઓની મુલાકાત શી રીતે ટાળી શકાય?

શ્રી જ્યોતિબહેનને બેવડો ભાર. કામવાળી ગેરહાજર. અમારું કામ કરવાનું, ઉપરાંત અમારી સાથે બધે બહાર પણ આવવાનું.

એ બધું પણ એ ખૂબ પ્રસન્નતાથી કરે. એટલે એ માત્ર આદરણીય જ નહતું, અનુકરણીય પણ હતું.

અમે તેમના ભાઈ શ્રી ભરતભાઈને મળવા ગયાં—S. K. F.માં એમની ઓફિસમાં ઘણા માણસોથી વ્યસ્ત અને ધંધાનો જ સમય, છતાં એક પળના પણ વિલંબ વિના તેમણે અમને મુલાકાત આપી. ખૂબ સંસ્કારી, જ્ઞાની ઉપરાંત સ્વામીનારાયણના સત્સંગી. આ ત્રણેના ત્રિવેણી સંગમથી ઘડાયેલું તેમનું વ્યક્તિત્વ એક આગવી અને પ્રતિભાવંત વ્યક્તિની છાપ પાડતું હતું.

તેમની સાથેના વાર્તાલાપમાં તેઓશ્રીએ પોતે મેટ્રિકમાં હતા ત્યારથી શ્રી દીલિપકુમાર રોય સાથેના પોતાનાં સંસ્મરણો કહ્યાં, પોતે સ્કુલ કોલેજમાંથી પણ ઘણીવાર ભણવાનું છોડી દીલિપકુમાર રોયનું એવું આકર્ષણ અનુભવતા કે ત્યાં ચાલ્યા જતા. ત્યાર પછી તેમણે એક પારસી સદ્‌ગૃહસ્થ શ્રી તવારીઆજી અને તેમની મહર્ષિ પાતંજલિએ ચીંધેલી યોગની પ્રણાલિઓ અનુસારની જીવનશૈલીની વાત કરી. તેના સારરૂપે કહેલું એક વાક્ય ખૂબ સરસ હતું કે આપણે લોખંડ જેવા કઠણ સખ્ત છીએ, પણ પ્રભુએ આપણને માટીના પિંડ જેવા નરમ બનાવવા છે. જ્યાં સુધી તેવા નહીં થઈ જઈએ, ત્યાં સુધી એ આપણને મુક્ત કરવાનો નથી. આ ઉપરાંત સત્સંગી હોવાથી સ્વામિનારાયણ સંપ્રદાયની વાતો કરી. મેં તેમને પ્રકાશના પંથેની સંક્ષિપ્ત આવૃત્તિ ભેટ આપી. તેમણે મને Purpose of Birth and Death પુસ્તક ભેટ આપ્યું, અને જીવન જીવવાની કળા એવી નાની પુસ્તિકા પણ ભેટ આપી. સાથે સાથે હું Purpose of Birth અને Deathનો અનુવાદ કરી આપું એવી વિનંતી પણ કરી. મેં પણ મા–પ્રભુની વાતો કરી. મુલાકાત ખૂબ આનંદપ્રદ રહી. મા–પ્રભુ સાથે રહી સતત એક



ધ્યાન રાખતા હતાં. યાત્રા એટલે સત્સંગ જ. સતત પ્રભુનું નામસ્મરણ અને તેની જ વાતો, તેના જ વિચારો.

ત્યાર પછી શ્રી જ્યોતિબહેનનાં માતુશ્રીને મળ્યાં. ખૂબ પ્રભાવશાળી વ્યક્તિત્વ. ૮૨ વર્ષની વય છતાં સ્વસ્થ. સ્વામિનારાયણ સંપ્રદાયનાં તલસ્પર્શી અભ્યાસી છતાં જરાપણ કટ્ટરતા નહીં. હું ગોપાલાનંદજીની વંશ જ છું જાણી તેમને ખૂબ આનંદ થયો. મેં પણ ગોપાલનંદ સ્વામીની ઘણી વાતો કરી. સ્વામિનારાયણ ભગવાનનાં ચરણારવિંદનાં દર્શન કર્યાં. ખૂબ આનંદ આવ્યો.

બાએ આજે એકાદશી હોવાથી મંદિર જવાનો ખૂબ આગ્રહ કર્યો. બપોરનો આરામ અને ફળાહાર પતાવી અમે સાંજે સ્વામિનારાયણ મંદિરે ગયાં.

હરિ મંદિર સરસ હતું. ૬૦ થી ૭૦ બ્હેનો હતી. ખૂબ ભક્તિભાવ પૂર્ણ રીતે બહેનો ભજન કરતી હતી. વાતાવરણ ખૂબ સરસ લાગતું હતું મંદિરમાં પણ મેં થોડી ગોપાલાનંદ સ્વામીની વાતો કરી, પછી અમે હરિકૃષ્ણ મંદિરમાં જવા નીકળ્યાં.

હરેકૃષ્ણ મંદિરમાં પૂ. ઇંદિરાદેવીના અંગત સેવક શ્રી ભારતીબહેન ત્રિવેદી અને શ્રી મંજુબહેન ત્રિવેદીનો સમય લીધેલો પણ સાંજના પૂનાના ટ્રાફિકને લીધે અને થોડો સમય સ્વામિનારાયણ મંદિરમાં વિલંબ થવાથી અમે અમારા સમયમાં મોડાં પડયાં.

શ્રી મંજુબહેન ત્રિવેદી ભાવનગર શામળદાસ કોલેજમાં ઈકોનોમીક્સ વિભાગમાં સેવા આપતાં હતાં. અને તેમનાં બહેન M.Sc B.Ed. જૂનાગઢ સેવા આપતાં હતાં. ૧૯૮૪ માં ઈંદિરાદેવીનાં પુસ્તકો વાંચી પરિચય કેળવ્યો, ત્યાં આવ્યાં દર્શન કર્યાં. ચાર વર્ષમાં તો તેમનું એવું કેવું સમર્પણ કે શ્રી ઈંદિરાદેવીએ

તેમને પોતાની પાસે નિવૃત્તિ લઇ રહેવા બોલાવી લીધાં! પોતાના એકના એક ભાઇના અવસાનના આઘાતે આ માર્ગે વળ્યાં. ભાઇના મૃત્યુ પછી શું ગતિ થઇ હશે તે જાણવાની જિજ્ઞાસાથી આવેલી બે બહેનોએ પોતાના જીવનને જ આ સાધનામય ઢાંચામાં ઢાળી દીધું. તેમનું સમર્પણ ઉત્તમ છે. ત્રણ ચાર વર્ષથી હરેકૃષ્ણ મંદિરમાં રહે છે, પણ તેના કંપાઉન્ડની બહાર પગ મૂક્યો નથી. પૂનામાં ક્યાં શું છે, કંઇ જ ખબર નથી! આશ્રમમાં રહે છે, સેવા કરે છે, પોતાની સાધના કરે છે, અને વિશિષ્ટ અનુભવો પામે છે. શાંતિ અનુભવે છે. પ્રકાશદર્શન પણ ઘણી ઘણીવાર તેઓને થાય છે. મંજુબહેન તો આપણા મંજુબહેન ભાવસારની પ્રતિકૃતિ જેવાં જ લાગે. સાધનામાં કંઇક મૂંઝવણ કે પ્રશ્નો ઊભા થાય તો તુરત જ મા શ્રી ઇંદિરાદેવીનું માર્ગદર્શન મેળવી લે છે.

સાંજે ૬.૩૦ સંકીર્તન શરૂ થયું. ધૂન, હનુમાન ચાલીસા રોજના નિયમ પ્રમાણે ચાલ્યું. આજે પણ આંદોલન પકડાતાં હતાં. મન કંઇક શ્રી ઇંદિરાદેવી સાથે આંતરિક અનુસંધાન અનુભવતું હતું. હે મા! અમે આટલે દૂરથી આટલા ભક્તિ- ભાવપૂર્વક આપના દર્શને આવ્યાં છીએ, તે માત્ર શું ઔપચારિક વાતો જ કરવા? મા, આપણો પ્રેમ માત્ર એકપક્ષીય થોડો જ છે? આપ તો અંતર્યામી છો, આપને વધુ શું કહેવું! એ માનસિક પ્રાર્થના અને ભક્તિભાવમાં ૭–૩૦ વાગ્યા. ત્યાં શ્રી ઇંદિરાદેવીના સેવક વાઘજીભાઇ બોલાવવા આવ્યા.

અધીરું ઉતાવળું મન અને તન દર્શને પહોંચ્યાં. શ્રી ઇંદિરાદેવીએ ખુલ્લા પીળા રંગનાં વસ્ત્રો પરિધાન કરેલાં. ભાલપર ચંદન તિલક હતું તેઓશ્રી ખરેખર પ્રિયદર્શી અને તેજસ્વી લાગતાં હતાં. તેઓશ્રી કોઇ બહેનને કોઇ ધૂન લખાવી રહ્યાં હતાં.



એમણે એમની વિશિષ્ટ શૈલીમાં પ્રેમ અને ઉષ્મા સભર શબ્દોથી "આવો આવો મા," કહી સ્વાગત કર્યું. આપણા માનું જ આવું સ્વાગત થાય નહીંતર આપણી શી યોગ્યતા! પ્રણામ ઝીલતાં આશીર્વાદ આપતાં એમણે કહ્યું "ભક્તિ માંગો, મુક્તિ બહુ સહેલી છે. એ સહેલાઇથી આપી દેશે, પણ ભક્તિ નહીં મળે."

એમણે કહ્યું આપણે સંસારમાં મકાન, પૈસા, યશ, પુત્ર, પરિવાર, પદ બધું જ જોઇએ છે. એમાં કૃષ્ણ છેલ્લે આવે! જાણે એ માત્ર દસમા હિસ્સાનો. જો દસમા હિસ્સાનો માગશો તો તે દસમાં હિસ્સાનો જ મળશે, પણ સંપૂર્ણ તેને જ માંગો, તો એ આખો મળશે. અને એ મળશે એની પાછળ બધું આપોઆપ મળશે.

"એક ચિત્રકાર આગનું ચેત્ર બનાવે તો એકદમ આગ જેવું જ લાગે છે, પણ જ્યારે પાસે જઇએ ત્યારે તે ઉષ્મા પણ નથી આપતું કે દઝાડતું પણ નથી. એમ ભક્તિમાત્ર ચિત્ર જેવી જ ન રહી જાય, ભાવપૂર્ણ હોવી જોઇએ."

નારદભક્તિ સૂત્રમાં નારદ ભગવાન કહે છે કેઃ–

**नाहं वसामि वैकुंठे योगीनां हृदये न च।**
**मद्भक्ताः यत्र गायन्ते तत्र तिष्ठामि नारद॥**

હું વૈકુંઠમાં નથી રહેતો, કે નથી રહેતો યોગીઓના હૃદયમાં. પણ જ્યાં મારા ભક્તો સંકીર્તન કરે છે, મને યાદ કરે છે, ત્યાં રહું છું.

આટલુ કહી એમણે કહ્યું મેરી હિંદી કભી કભી અટક જાતી હૈ મેં કહ્યું મા We can follow English. એમણે કહ્યું સબકો સમજમેં નહીં આતા.

મેં તેઓને પૂછ્યું, "મા, સાધનામાં તીવ્ર ગતિ કેવી રીતે આવે?

આ સાંભળતાં જ તેઓએ તેમનો પ્રેમાળ હાથ મારા હાથમાં આપી દીધો. એ હાથમાં તીવ્ર કંપન હતું. મેં તેમનો હાથ મારા બંને હાથ વચ્ચે પકડી રાખ્યો. શ્રી ઇંદિરાદેવીએ કહ્યું, 'જ્યારે માત્ર એ જ રહી જાય, એના સિવાય કશે જ ચેન ન પડે, બધી જ જગ્યાએથી મન ઊઠી જાય. ત્યારે જ એ મળે. જીવનમાં બીજા કશાને જ સ્થાન ન હોવું જોઇએ."

તમારું બાળક જ્યારે માંદુ હોય તમને કોઇ ભજન ગાવાનું કહે તો તમને ગમશે! તમે પહેલાં બાળકનું જ ધ્યાન રાખશો. એવી વેદના આવે એવી તીવ્રતા આવે ત્યારે દર્શન થાય.

શ્રી ઇંદિરાદેવીને શ્વાસની ખૂબ તકલીફ રહે છે. ચાલુ વાર્તાલાપે તેઓશ્રીએ શ્રી ભારતીબહેન ત્રિવેદીના હાથે પમ્પ લીધો. પોતાનો હાથ હવે તેઓશ્રીએ શ્રી ભારતીબહેન ચોક્સીના હાથમાં આપ્યો. શ્રી ભારતીબહેને પૂછ્યું "મા કૃષ્ણનાં દર્શન ક્યારે થશે?" માએ કહ્યું "જરૂર થશે જ." ભારતીબહેને કહ્યું બહુ વિનંતી કરીએ છીએ પણ એ આવતો નથી." ઇંદિરાદેવી કહે "એ એટલો સીધો નથી. હું ઘણીવાર એને કટાક્ષમાં કહું છું જે સીધો ઊભો નથી રહી શકતો તે સીધો ક્યાંથી હોય? બહુ પાકો છે. ત્રણ અંગ વાંકા કરીને ઊભો રહે છે. તે સીધો તો નથી જ."

"હું પહેલાં પ્રભુને રોજ કહેતી હું મીરાં જેવી નથી. મારી પાસે મીરાં જેવી પવિત્રતા નથી. તો ક્યાંથી લાવું? જેવી છું તેવી સ્વીકાર કર. માત્ર એ અને આપણે જ રહી જઇએ બાકી સર્વ ભૂલાઇ જાય ત્યારે જ એ મળે."

પાછો મારા હાથમાં પોતાનો હાથ આપી કહેવા લાગ્યાં, મા આનંદમયી પૂનામાં આવતાં ત્યારે ઇંદિરાદેવી રોજ એક કલાક



ધ્યાન કરવા જતાં, એમણે પૂછ્યું "દાદાજીની રસોઇ કોણ બનાવે છે?" ઇંદિરાદેવીએ કહ્યું "હું બનાવું છું." આનંદમયી માએ પાછું પૂછ્યું, "દાદાજી તો કુલીન બ્રાહ્મણ છે. આનંદમયી મા બંગાળી અને તે જમાનાના બંગાળમાં આવી ચુસ્તતા બહુ." પછી બીજો પ્રશ્ન પૂછ્યો, "મંદિરમેં ભોગ લગતા હૈ?" તો મેં કહ્યું, "હા" મંદિરની રસોઇ કોણ બનાવે છે? મેં કહ્યું (ઇંદિરાદેવીએ) "બધી જ રસોઇ હું બનાવું છું." આનંદમયી માએ કહ્યું પણ તું તો બ્રાહ્મણ નથી. શ્રી ઇંદિરાદેવીએ કહ્યું, "વો ભગવાન હો ગયા તો ક્યા હો ગયા, વરના ઉસકે હાથકા પાની ભી કૌન પીતા? વો તો ગ્વાલા હૈ." શ્રી આનંદમયી મા આવો જવાબ સાંભળી આખો દિવસ હસી હસીને બેવડાં વળી ગયાં.

પછી પાછું અમારી તરફથી ઇંદિરાદેવીએ ધ્યાન દોરી કહ્યું, "સબકે લિયે ટાઇમ હૈ ઉસકે લિયે ટાઇમ નહીં હૈ. બચ્ચા રોયા ઊઠા લિયા, એ કીયા, વો કીયા. સારા સમય ઐસા નિકલ જાતા હૈ. ફિર વો કૈસે આયેગા? વહ ફિર ખુદ નહીં આતા, તસ્વીરેં ભેજતા હૈ." જ્યોતિબહેને કહ્યું, "શાદી કે પહેલે તસ્વીર આતી હૈ."

રોજ એને માટે ૧૦ મિનિટ કાઢો. માત્ર એટલું જ કહો મૈં તેરી હું, નિશ્ચિત સમયે સુબહમે. પછી કંઇ થાય તો ન ઊઠો કોઇ ભી આયા, કોઇ ભી ગયા, ઘંટી બજી. વો મિલેગા જરૂર મિલેગા. ઉસકો ખોજનેમેં મગ્ન રહો. જ્યારે આપણને બધામાં જ એ દેખાય છે. ત્યારે આપણને એમ થાય છે કે આપણે કોને શોધતા હતા! એ આપણી અંદર જ છે બહાર ક્યાંય નથી. પછી બધે જ એનું દર્શન થાય છે. આ આખા વાર્તાલાપ દરમ્યાન એમણે મારો અને મેં એમનો હાથ પકડી રાખેલો. મેં કહ્યું, "મા આપે હાથ પકડયો છે તે હવે ન છોડતાં." એમણે કહ્યું, "તમારો હાથ અને

હરિનાં ચરણ બંને એક થઇ જશે ત્યારે નહીં છોડું."

વળી તેઓએ ઉમેર્યું, "ગુરુ તો દીવો લાવે, માચીસ આપે પ્રગટાવવાનો આપણે જ છે. ગુરુ માર્ગ બતાવે પ્રયત્ન તો આપણે જ કરવાનો છે. ગુરુ એ ચરણો જરૂર મેળવી આપશે. એ જ તો ગુરુની બલિહારી છે. માટે જ આપણે પ્રથમ ગુરુને પ્રણામ કરીએ છીએ."

પૂ. શ્રી ઇંદિરાદેવીએ ખૂબ ખૂબ આશીર્વાદ આપ્યા. મારા અને ભારતીબહેન બંનેના માથા પર ખૂબ પ્રેમથી હાથ ફેરવ્યો. આવવા માટે અમારા બંનેનો આભાર માન્યો.

Thank you Maa. બહુત ભાષણ દે દીયા એવું કહી રજા આપી.

બીજા કોઇએ આવવા માટે રજા માંગી. માએ કહ્યું હું બહુ થાકી ગઇ છું. ફરીથી એકવાર જયગુરુ જયગુરુ કહી આશીષ આપી. અમે અશ્રુપૂર્ણ નેત્રે ભારે હૃદયે વિદાય લીધી.

નીચે આવ્યાં. મંદિરમાં સંકીર્તન ચાલતું હતું. હું બહાર જ બેઠી ભારતીબહેન અંદર ગયાં મારા તો બધા બંધ છૂટી ગયા મને તો ખૂબ રડવું આવવા માંડયું. લગભગ અડધો કલાક ક્યાં ગયો, ખબર જ ન પડી.

બીજે દિવસે પૂનાથી નીકળતાં એવું થતું હતું, શરીર મુંબઇ તરફ જતું હતું, મન પૂના તરફ. સતત પૂ. સર્વેશ્વરી મા દેખાયાં કરતાં હતાં. આખે રસ્તે રડવું જ આવ્યા કર્યું. ઘરે આવી પણ મન મા મા પોકારતું હતું. અમેરિકામાં શું એ સાદ સંભળાતો જ હશે! જાણે મારાથી મા વગર રહેવાતું જ નહોતું મારું હૃદય મા પ્રભુને એક સતત પ્રાર્થના કરવા લાગ્યું "ૐ મા હું તારી જ છું, મારો



સ્વીકાર કરી લે. ન જાણે કેટલાય દિવસ સુધી આ પ્રાર્થના ચાલતી રહી.

પૂનાથી આવી તે દિવસે રાત્રે શ્રી શ્રી મા શારદાદેવીનું સરસ દર્શન થયું. ખૂબ પ્રસન્ન હતાં.

બીજે દિવસે હરેકૃષ્ણ મંદિરના શ્રી કૃષ્ણનું દર્શન થયું બપોરનો સમય હતો. એના વિલક્ષણ ભાવો અને નેત્રો મને ઘેરી વળ્યાં. ન જાણે કેટલો સમય થયો, કઇ યાદ ન રહ્યું.

બે દિવસ પછી દીલિપકુમાર રોયનું દર્શન થયું તેમણે ક્રીમ કલરનો ઝભ્ભો, તેવી જ ધોતી, ખભે ખેસ નાંખેલો હતો અને મારી જીજીના દાદા જેને અમે ભાભા કહેતાં હતાં મને તેમના જેવું લાગ્યું. મેં પૂછ્યું "ભાભા" તો કહે નહીં, "દાદાજી" મને મારા અજ્ઞાન પર પસ્તાવો થયો.

બીજે દિવસે પણ શ્રી દીલિપકુમાર રોયનું દર્શન થયું. તેઓ કોઇ ભાવપૂર્ણ અવસ્થામાં સુંદર શિવસ્તોત્ર ગાતા હતા.

શ્રી ઇંદિરાદેવીએ દિવસમાં ૧૦–૧૫ મિનિટનું મારી પાસે વચન લીધું. મેં કહ્યું સવારે ૫–૩૦થી ૫–૪૫ નો સમય મા તમારો. એક વિલક્ષણ ઘટના બની હું આંખ મીંચી બેઠી તો મારા કાનમાં સંભળાવા માંડયું જેમ કે "મૈં ગિરીધરકી ગિરીધર મેરા" એવું ઘણા દિવસ સુધી સંભળાયું અને હજી પણ સંભળાય છે.

ખૂબ ભાવપૂર્ણ રહી આ યાત્રા. સંતોની કૃપાને કોણ જાણી શકે? પાનખરની વસંત કરે તે સંત. તેની કૃપાનો જય જયકાર હો.

# પૂર્ણતા એ જ આપણી સાચી ઓળખ

વાલજીભાઈ પટેલ

આપણે વાસ્તવમાં પૂર્ણ છીએ. આત્મા એ જ પરમાત્મા. સઘળે એક જ તત્ત્વ છે. જેવી રીતે દરિયાનું પાણી. એનું પૃથક્કરણ આપણા દેશની નજીકના દરિયામાંથી કરો કે પછી બીજા દેશોમાંથી કરો. એનું પરિણામ એક જ આવશે.

માણસ ગમે તે દેશનો હોય, તેનું લોહી લાલ જ હોવાનું. એટલે કહેવાનો અર્થ એ કે સમગ્ર માનવજાતિ આંતરિક રીતે એક જ છે, માનવમન એક જ છે. ગામમાં રહેતા મજૂરનું હોય કે પરદેશના વૈજ્ઞાનિકનું હોય!

કોઈના પ્રત્યે ભેદભાવ રાખવાથી પોતાનાથી પણ જુદાઈ આવે છે. પોતાની સાથે પણ આંતરિક સંબંધ થતો નથી. તેથી અન્ય બીજી વ્યક્તિ સાથે પણ સંબંધ થતો નથી.

ખરેખર જીવન એટલે જ સંબંધ. જીવન એટલે જ અખંડ પૂર્ણતા.

આપણે કંઈક મેળવવું છે, બનવું છે, થવું છે—આના કારણે જીવનથી જુદા રહીએ છીએ. અને આંતરિક ખાલીપણું અનુભવીએ છીએ. ખંડ–ખંડમાં જીવન જીવવાથી આપણું ખાલીપણું કદી ભરાતું નથી, કારણ કે આંતરિક રીતે આપણે ભરેલા જ છીએ, સંપૂર્ણ છીએ પણ પોતાને ખાલી સમજતા હોવાથી માનસિક પ્રયત્ન કરતા હોઈએ છીએ તેથી તેનો અંત આવતો નથી. આ મનની, હુંની ભ્રાન્તિ છે, મૃગજળ છે, કલ્પના છે.



આવું આંતરિક ખાલીપણું કોઈકાળે ભરાય નહિ. ખાલીપણું ભરવાનો પ્રયત્ન કરવો એ આપણું ગાંડપણ (પાગલપણ) કહેવાય. આપણો અહમ્ આપણે બાહ્ય પ્રવૃત્તિઓના રસ લેવા ધક્કા મારે છે.

જે પળેપળે મરતો હોય તેને હરપળે નવજીવન મળે, નૂતનતા મળે, મુક્તિ મળે.

આ અનુભવનો પ્રદેશ છે. કેવળ બૌદ્ધિક રીતે જાણવાથી કે સમજવાથી તો બહારના જગતમાં જ રહેવાય. અને બહારના જગતમાં રહેવાથી જીવન અથડામણ અને ભયમાં વીતે છે.

જીવનને, સત્યને વધારે મહત્ત્વ આપવાથી, જીવનમાં રસ લેવાથી જીવન સ્વયં ખુલ્લું થતું રહેશે. અને આપણામાં ઊંડાણ અને વિશાળતા સ્વયં આવતી રહેશે, જીવન પછી આનંદમય, શાંતિમય બની જશે.

આ માટે સાચો ઇરાદો જોઈએ. તો સમજ સ્વયં કાર્ય કરતી રહેશે. નહિતર આપણું જીવન ઘરેડમાં, ચક્રમાં જ વીંટળાયેલું રહેશે. સાચી ભૂખ ના હોય તો આ ઘરેડમાંથી આપણે છૂટી શકીએ નહિ.

અજ્ઞાનને લીધે આપણે ભૂલા પડીને, ભટક્યા કરીએ છીએ. જો આ અજ્ઞાનને, અંધકારને હૃદયપૂર્વક, પ્રેમપૂર્વક, વિવેકપૂર્વક સમજીએ તો જ આપણામાંથી અજ્ઞાન ને અંધકાર દૂર થાય.

પ્રકાશની ને જ્ઞાનની ખાલી વાતો જ આપણે કરીએ છીએ. કારણ કે એવી વાતો કરવામાંથી આપણે મજા લઈએ છીએ. આ તો દીવા તળે અંધારું એવી વાત થઈ.

ખરેખર તો અંધારું, અજવાળું એ પણ શબ્દો જ છે. શબ્દોને આપણે પકડી રાખીએ છીએ એટલે એની ઉપર ઊઠી શકતા નથી. પરિણામે, શબ્દો ને વિચારો પણ સાચી સમજ આગળ પડદો રાખી રહે છે. આપણામાં પારદર્શકતા આવતી નથી.

પડદો હઠાવીને, પારદર્શક દૃષ્ટિથી દર્શન કરીએ તો પૂર્ણતા શોધવા બહારના જગતમાં જવાની જરૂર નહિ રહે.

સ્વયં પૂર્ણ છીએ, એવો અનુભવ આપણને થશે.

પોતાનું અને બીજાનું મંગલ કરનારની કદી દુર્ગતિ થતી નથી.
યોગેશ્વરજી

**રાંજણ, સાંટિકા, સાઈટીકા**

હાથે, પગે, વેદનાયુક્ત ફાટ થવી તથા કમ્મરના દુઃખાવા માટેની દવા માટે મળો યા લખો. એક વખત દવા ખાધા પછી, આ રોગ જીવનમાં ફરી થતો નથી.

કોર્સ : ૧૦–૧૨ વીક. નોંધ : ફક્ત દવાનો જ ખર્ચ લેવામાં આવે છે.

**દુર્લભભાઈ પરસોત્તમભાઈ ભક્ત (સ્યાદલા)**
**બચુભાઈ ગોરધનભાઈ ભક્ત (કપૂરા)**
મુ. પો. સ્યાદલા, વાયા : મઢી, જિ. સુરત–૩૯૪૩૪૦



**એક જીવંત આધ્યાત્મિક સ્ત્રી સંત**

# શ્રી ઈંદિરાદેવી

મૂળ લેખક : દિલીપકુમાર રોય
સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

### મૃત માતાનાં દર્શન અને ચેતવણી !

આમ કેટલાક દિવસો વહી ગયા તે પછી એક રાતે વીસ વર્ષ પહેલાં ગુજરી ગયેલી પોતાની માતાને જોઈ. આસમાની સાડીમાં એ ખૂબ સુંદર લાગતી હતી. ઈંદિરાની છેક નજીક આવી તેણે શાંત પણ દૃઢ સ્વરે કહ્યું : 'તારા દેખતા બની ન હોય એવી કોઈ ચીજ તું લેતી નહીં !'

ઈંદિરા આ કથનનો કાંઈ પણ મર્મ ન સમજી શકી, તેથી તેણે દાદાને તે વિષે કાગળ લખ્યો. દાદાએ એ કાગળ શ્રી અરવિંદને મોકલ્યો. શ્રી અરવિંદે જવાબમાં એમને લખ્યું કે જો ઈંદિરા એકદમ ત્યાંથી અહીં નહિ આવતી રહે તો એ, મરી જશે, એક મેલી શક્તિ એની પાછળ પડી છે.' (આથી એટલું ચોક્કસ નક્કી થાય છે કે જગતમાં જેમ શુદ્ધ ભક્તિભાવનો આધાર લઈ સાધના કરવામાં આવે છે તેમ મેલી સાધના પણ અસ્તિત્વ ધરાવે છે. સ્વામી શ્રી વિવેકાનંદન ઉપર (હું ન ભૂલતો હોઉં તો કાશ્મીરમાં એક ફકીરે મેલી સાધનાનો પ્રયોગ કરેલો, પરંતુ તેમની પાછળ તો શ્રી રામકૃષ્ણદેવ જેવા સમર્થ ગુરુનો હાથ હતો તેથી તેઓ બચી ગયા હતા)

### મેલી શક્તિની સતાવણી

શ્રી અરવિંદે ઈંદિરાને લેવા દાદાને મોકલ્યા. દાદાએ આવીને પહેલાં તો ઈંદિરાની અંગત દાસીને ખાનગીમાં બોલાવીને પૂછ્યું

કે ઇંદિરાની ચામાં તું શું નાંખે છે? દાસી તરત ભાંગી પડી. તેણે કહ્યું કે ઘરમાંથી એક માણસ દમની દવા કહી ઇંદિરાની ચામાં નાંખવા એક પડીકી આપે છે. પાછળથી ખબર પડી કે સ્વામી **દ** એ ઘરની એક વડીલ સ્રીને બોલાવીને કહ્યું હતું કે ઇંદિરાને પૉંડિચેરી જતી અટકાવો, નહિ તો તમારા આખાયે કુટુંબ પર મોટી આફત ઉતારશે. આજે તમારા ઘરની જે જાહોજલાલી છે તે તેને લીધે છે. માટે એ ઘરમાંથી ગઇ તો તમારી જાહોજલાલી પણ ગઇ જાણજો! તે માટે હું તમને આ દવા આપું છું, એને એ આપ્યા કરો એથી એ જરી માંદી પડશે, પણ એને લીધે ક્યાંય જઇ શકશે નહિ!

ઇંદિરા પૉંડિચેરી જવા માટે નીકળી ત્યારે એને સ્ટ્રેચર પર લઇ જવી પડી હતી. એનામાં ચાલવાની કે મોંમાં કોળિયો નાંખવાનીયે શક્તિ નહોતી. આવી સ્થિતિમાં એ વિમાની સફર કરી પૉંડિચેરી પહોંચી ગઇ.

પરંતુ સ્વામી **દ** એમ હાર માની લે તેવા નહોતા. ઇંદિરાને પૉંડિચેરી આવ્યો થોડાક દિવસો થયા હશે એવામાં એક રાતે, ધ્યાનમાંથી ઊઠતાં જ, એણે પોતાની સામે બે લાલચોળ આંખોને તગતગતી જોઇ, એટલામાં તો અંતરીક્ષમાંથી એક હાથ લાંબો થયો અને એણે એને ગરદનના નીચેના ભાગમાંથી પકડી. સાથે સાથે કઠોર અવાજ પણ સંભળાયો. 'મારા હાથમાંથી તું છટકી શકવાની નથી. તું નહિ આવે તો તું મરી જશે!'

સવારે એણે પોતાના ગળા નીચે અંગૂઠો અને ત્રણ આંગળીઓના નિશાન પડેલાં જોયાં. ત્યાં કાળાં ચકામાં પડી ગયાં હતાં, જે દુ:ખતાં હતાં. પરંતુ એણે ધાર્યું કે મેં જ મારી જાતે ઓથારવશ થઇ આ કરેલું છે.



ફરી પોતાના હાથે ન બને, એટલા માટે બીજી રાત્રે એણે હાથના મોજાં પહેરી રાખ્યાં, પણ એથી કંઇ ફાયદો થયો નહિ. બીજી રાતે પણ આંગળાનાં નિશાન દેખાયાં. તેથી તેણે ઠરાવ કર્યો કે સીધી જ સ્વામી **દ**ની પાસે જાઉં ને સંભળાવી દઉં કે મને સતાવવાનું બંધ કર. પરંતુ દાદાએ એને એમ કરતાં વારી, અને આ બધી ઘટના વિષે શ્રી અરવિંદને લખ્યું, જવાબમાં શ્રી અરવિંદના નીચે મુજબના બે પત્રો આવ્યા.

* * *

૧૧, ઓગષ્ટ, ૧૯૪૯

દિલીપ,

ઇંદિરાના મનમાં જે વિચારો આવે છે તે પેલો દુષ્ટ માણસ દૂરથી તેના પર જે દબાણ લાવી રહ્યો છે તેનું જ પરિણામ છે : 'દર્શન પહેલાં પૉંડિચેરી છોડી ચાલી જવાનો વિચાર એનો જ વિચાર છે. તેવી જ રીતે એને મળવાનો વિચાર પણ એનો જ છે. માટે તું ઇંદિરાને સમજાવજે કે કોઇ પણ ભોગે તેણે દબાણને વશ થવાનું નથી. એ દુષ્ટની દાનત ઊઘાડી છે, એટલે આવી બધી બાબતોમાં એની સૂચના પ્રમાણે ઇંદિરાને ચાલવા દેવાય જ નહિ. નહિ તો એનું બહુ ગંભીર પરિણામ આવવાનો સંભવ છે. ઇંદિરાએ આ માણસને મળવું ન જોઇએ કે તેની સાથે કોઇ પણ સંબંધ રાખવો ન જોઇએ. જો ઇંદિરા આ બાબતમાં મક્કમ રહેશે તો છેવટે એ પાછો પડશે, કે ખતમ થઇ જશે. જો આ બાબતમાં મારે ઇંદિરાને સીધું લખવું જરૂરી હોય તો હું તેમ કરવાને ય તૈયાર છું.

શ્રી અરવિંદ

તા. ૧૨ ઓગષ્ટ, ૧૯૪૯

ઇંદિરા,

આ યોગીની બાબતમાં અને એ તારા પર જે દબાણ લાવી રહ્યો છે તે બાબતમાં તારે શું કહેવું તે વિષે મારી સલાહ સૂચનાઓ મેં દિલીપને લખી જ છે. વધુ એક સૂચન તને કરું છું.

તારે માટે તો સૌથી વધારે અગત્યનું તો એ છે કે તારા મનમાંથી બીક નામે તું કાઢી નાખ! યોગ સાધનામાં બીક એ મોટામાં મોટું વિઘ્ન છે. બીકથી સામાનું બળ વધે છે, અને સામનો કરવાનું તારું બળ ઘટે છે. તું આ આપદામાંથી છૂટવાની જ છે એ વિષે ઈશ્વર પર અડગ શ્રદ્ધા રાખ. જ્યારે પણ બીક આવી ચડે ત્યારે એને દૂર હડસેલી મૂક! આમ કરશે તો તારું બળ વધતું જશે, અને વિજયની ઘડી સુધી તું ટકી શકશે.

હું જાણું છે કે એ દુષ્ટ જે શારીરિક યાતના આપી રહ્યો છે એ અસહ્ય છે, પરંતુ એને સ્પર્શ કરવાની એની શક્તિ ઓછી થઇ નષ્ટ ન થાય ત્યાં સુધી તારે એની સામે મક્કમ રહ્યા વગર છૂટકો નથી. હિંમત રાખ, અને એના વળગાડને લાત મારીને તારાથી દૂર રાખ, તારા પ્રાણમય કોશ પર દબાણ લાવીને એ તને સતાવી રહ્યો છે, માટે ત્યાં શાંત અને સ્વસ્થ થવાની કોશિશ કર, પછી એ તને કંઇ નહિ કરી શકે. ખાતરી રાખજે કે માતાજીની અને મારી મદદ હમેશ તને મળતી રહેશે. જે મદદ જોઇએ ત્યારે તું એ માગજે.

શ્રી અરવિંદ

* * *



## મેલી વિદ્યાવાળા યોગીનો પરાભવ અને નાશ

દરરોજ રાતે ઇંદિરાના ગળાની નીચેના ભાગમાં બાચકા ભરાતાં હતા અને હવે તો તેમાંથી લોહી નીકળવા માંડયું હતું. રાતે એકાંતમાં બેસતા પણ હવે તે બીતી હતી. સીતમની એક દિવસ છેલ્લી હદ આવી ગઇ. ઇંદિરા બાથરૂમમાં હતી ત્યાં અચાનક કોઇ પણ જાતની ચેતવણી વગર બારણું ઊઘડયું, અને દાદા જેવું કોઇ અંદર દાખલ થયું. ઇંદિરા વિચારમાં પડી ગઇ કે આ દાદા ન હોય, દાદા કદી આ રીતે અંદર આવે નહિ!

'ઇંદિરા!' પેલો આકાર તાડુક્યો.

ઇંદરા એકદમ પાછી હઠી. આપોઆપ એના મોંમાંથી 'જય ગુરુ દાદા! જય ગુરુ!' શબ્દો નીકળી પડયા.

એકદમ મેલી વિદ્યાનો પ્રભાવ તૂટી ગયો. પેલો આકાર ઝાંખો થઇ ગયો, અને ઇંદિરા જોઇ શકી કે એ બીજો કોઇ નહિ, પણ પેલા સ્વામી द હતા! ગુમ થતા પહેલાં તેણે ઇંદિરાને જોરથી ધક્કો માર્યો તેથી ઇંદિરા બાથટબ પર જઇને પડી!

તે પછી ઇંદિરા જ્યારે ધ્યાનમાં બેઠી ત્યારે એને એવો ભાસ થયો કે આવતી પૂનમથી હું એ દુષ્ટ માણસની અસરમાંથી છૂટી જઇશ. અને એ પ્રમાણે જ બન્યું. એ સ્વામીના એક શિષ્યનો આશ્રમમાં કાગળ આવ્યો કે 'સ્વામી લકવાનો ભોગ બની અસહ્ય યાતના સહી મરણ પામ્યા છે. મરતી વખતે ઇંદિરાનો ફોટો પોતાના દેહ સાથે બાળવાનું કહ્યું હતું. આ ફોટો તેઓ મસૂરીથી કોઇ ફોટોગ્રાફર પાસેથી લાવ્યા હતા.'

('અનંતના યાત્રીઓ'માંથી)

(ક્રમશઃ)

# મોક્ષમંદિરના દ્વારપાલો

મહારાજ શ્રીમન્નથુરામશર્મા

જેમ રાજમંદિરના દ્વારપર રહેનારા દ્વારપાલોને પ્રસન્ન કર્યાવિના રાજમંદિરમાં જવા ઇચ્છનારા પુરુષથી તેમાં જઇ શકાતું નથી, તેમ મોક્ષમંદિરના દ્વારમાં રહેલા શમ, વિવેક, સંતોષ ને સાધુસમાગમ એ ચાર દ્વારપાલોને પ્રસન્ન કર્યાવિના મુમુક્ષુથી મોક્ષમંદિરમાં જઇ શકાતું નથી. **શ્રીયોગવાસિષ્ઠ**માં નીચેના શ્લોકવડે એ ચારેને મોક્ષના દ્વારપાલરૂપે વર્ણવ્યાં છેઃ–

"मोक्षद्वारे प्रतीहाराश्चत्वारः परिकीर्तिताः ।
शमो विवेकः सन्तोषश्चतुर्थः साधुसङ्गमः ॥"

**ભાવાર્થઃ**–મોક્ષના દ્વારમાં ચાર દ્વારપાલો શાસ્ત્રમાં કહેલા છે. શમ, વિવેક, સંતોષ ને ચોથો સાધુસમાગમ.

અંતઃકરણને અયોગ્ય વિચારોથી મોકળું રાખવું તે **શમ** કહેવાય છે, સત્યવસ્તુ અને મિથ્યાવસ્તુને શાસ્ત્ર અને શ્રીસદ્‌ગુરુના ઉપદેશથી સંશયવિપર્યયરહિત પરોક્ષ રીતે જાણવી તે **વિવેક** કહેવાય છે, યથાવિધિ યત્ન કરતાં જે કાંઇ આજીવિકાનાં સાધનો પ્રાપ્ત થાય તેમાં તૃપ્તિ રાખવી તે **સંતોષ** કહેવાય છે, અને શ્રોત્રિય (સત્‌શાસ્ત્ર તથા યુક્તિઓને જાણનારા) અને બ્રહ્મનિષ્ઠ (બ્રહ્મને સ્વાનુભવથી પરમશ્રેષ્ઠ જાણી તેમાં સ્વાભાવિક રીતે ચિત્તવૃત્તિ રાખનારા) પુરુષનો શ્રદ્ધાભક્તિથી સંગ કરવો તે **સાધુસમાગમ** કહેવાય છે. એ ચાર સાધનો સંપાદન કરવારૂપ તે દ્વારપાલોની પ્રસન્નતાથી પુરુષ મોક્ષમંદિરમાં પ્રવેશ કરી અવશ્ય નિરતિશય સુખ સંપાદન કરી કૃતાર્થ થાય છે. □

## * મનને જીતવું અઘરું છે, પણ અશક્ય નથી *

કેટલાક માણસો ફરિયાદ કરે છે કે મન ખૂબ બળવાન છે. તેના પર કાબૂ કરવાનું કામ કેટલું બધું કઠિન છે! તે વશ થતું જ નથી તો આ સ્વરાજ્યનું ધ્યેય કેવી રીતે સિદ્ધ થઇ શકે? ગીતામાં અર્જુને પણ આ જ ફરિયાદ કરી છે. પરંતુ ફરિયાદ કરીને બે હાથ જોડીને બેસી રહેવાથી શું વળશે? મનને કેટલાય સમયથી સંસારના પદાર્થો ને વિષયરસના સ્વાદની પાછળ ભમવાની ટેવ પડી છે : રાગદ્વેષ ને ભેદભાવમાં તે રમતું રહ્યું છે. હવે તેને વશ કરવું છે ને આત્મિક વિકાસમાં મદદરૂપ બનાવવું છે તે કાંઇ સહેલાઇથી થશે કે? આ તો જંગલમાં મુક્તપણે વિહાર કરનારા પંખીને પિંજરામાં પૂરવાની વાત થઇ! અથવા તો એથી પણ વધારે રખડેલ લાલચંદને ડાહ્યાડમરા બનાવીને નિશાળે બેસાડવાની વાત થઇ. થોડો વખત પરિશ્રમ તો પડશે જ. પણ ધીરજ રાખીને મંડયા જ રહેશો તો કામ સફળ થશે. પરંતુ આમાં મદદ મળે તે માટે સંસારના બાહ્યપદાર્થ તેમ જ વિષયરસને માટે અંતરતમમાં અરુચિ ઉત્પન્ન કરી દો. ઉદાસીનતા કેળવી દો અને આત્મિક વિકાસના આનંદ માટે સ્વરાજ્યના સુખ સારું અંતરમાં આતુરતા, પિપાસા કે લાલસા ઉત્પન્ન કરી દો. વિષયી વસ્તુમાં અરુચિ થશે એટલે મન પણ તેમાંથી હટવા માંડશે ને પછી સંપૂર્ણપણે પાછું વળી જશે. હૃદયમાં જ્યાંસુધી વિષયસુખની જ લાલસા છે અને આત્મિક જીવનને બદલે સાંસારિક જીવન જ રુચિકર લાગે છે ત્યાંસુધી મનને જીતવાની બાજી સફળ થશે કે જિતાશે નહીં ને ફરિયાદ કાયમ જ રહેશે.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# * યુદ્ધ સાથે સતત સ્મરણ જોઈશે *

મનુષ્યે પોતે પોતાની જ અંદર સૂતેલી ને શ્વાસ લેતી અધમ વૃત્તિઓ સામે, પતનકારક ઇચ્છા ને વાસના કે કામના સામે, સત્ત્વગુણમાં પ્રતિષ્ઠિત થવા માટે તમોગુણ ને રજોગુણ સામે, મોહ, મમતા ને અહંકારના લશ્કર સામે, સંસારમાં દેખાતા અન્યાય, અધર્મ ને અસત્યની સામે, અત્યાચારી ને અધર્મી સામે તેમ જ પોતાની જ અલ્પતા, ગંદકી ને પોતાના જ બંધન તેમ જ દુઃખના કારણ અજ્ઞાન સામે. આ ધર્મયુદ્ધમાં પછાત પડવું કે કાયર બનવું વીરપુરુષને છાજે નહિ. જીવન આને જ માટે છે, ને તે પુણ્યવાન માણસોને જ મળે છે.

પણ એકલું યુદ્ધ કરવું એ જ જીવનનું કર્તવ્ય નથી. યુદ્ધ તો કરવાનું જ છે. પણ ઈશ્વરનું સ્મરણ કરતા રહીને કે ઈશ્વરનું અનુસંધાન સાધીને. ઈશ્વરના સતત સ્મરણથી યુદ્ધમાં વધારે ને વધારે બળ મળશે, તેમ જ વિજય પણ ચોક્કસ બનશે. સંસારમાં સુખી થવું ને સાંસારિક ઉન્નતિ કરવી એ તો બરાબર છે, પણ તેની સાથે સાથે આ આખુંય જીવનયુદ્ધ ઈશ્વરની પૂજા માટે છે, ઈશ્વરની પ્રાપ્તિ ને સેવા માટે છે, એ યાદ રાખીને ઈશ્વરની સાથે ઓતપ્રોત થવાનું પણ યાદ રાખવાનું છે. સ્મરણ કરવું એટલે ફક્ત યાદ કરવું એમ જ નથી. સ્મરણ કરવાનો સાચો ભાવ ઈશ્વરની સાથે તન્મય બનવાનો છે. શરીર, મન ને પ્રાણથી ઈશ્વરને ભજતા રહી, ઈશ્વરના થઈ રહેવાનો છે.

**યોગેશ્વરજી**

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.